# ચૌદ સ્વપ્નોનું વર્ણન

સચિત્ર

તથા

# પ્રભુ મહાવીર જન્મ વાચન

(ગુજરાતી અનુવાદ)

અનુવાદક-સંપાદક: પૂ. મુનિશ્રી હિતવિજયજી

ટાઈટલ: પલક પ્લાસ્ટીક, હાજાપટેલની પોળ, અમદાવાદ

જૈનં જયતિ શાસનમ્।

# ચૌદ સ્વપ્નોનું વર્ણન

(ગુજરાતી અનુવાદ)

અનુવાદક : સ્વ. પ. પૂ. વિદ્વદ્વર્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય રવિચન્દ્રસૂરીશ્વર શિષ્યાણુ
પૂ. મુનિશ્રી હિતવિજયજી

પ્રકાશક : મૂળીબહેન અંબાલાલ ખંભાતવાળા
C/o બી. એ. શાહ & બ્રધર્સ
૭૬, ઝવેરી બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨

: પ્રાપ્તિસ્થાન :

**સરસ્વતી પુસ્તક ભંડાર**
રતનપોળ, હાથીખાના
**અમદાવાદ-૩૮૦૦૦૧**

**સોમચંદ ડી. શાહ**
જીવન નિવાસ સામે
**પાલિતાણા-૩૬૪૨૭૦**

**સેવંતીલાલ વી. જૈન**
૨૦, મહાજનગલી, પહેલે માળે
ઝવેરી બજાર, **મુંબઈ-૪૦૦ ૦૦૨**

વિ. સં. ૨૦૪૪ વીર સં. ૨૫૧૪ ઈ. સ. ૧૯૮૭-૮૮ પ્રથમાવૃત્તિ : નકલ ૧૦૦૦

**મૂલ્ય : રૂ. ૧૦-૦૦**

## સુકૃતના સાથી

| | | |
|---|---|---|
| રૂ. ૯૦૦–૦૦ | શાહ કાન્તિલાલ ડાહ્યાભાઈ | રાજકોટ |
| રૂ. ૫૦૦–૦૦ | શાહ સુભદ્રાબ્હેન શાંતિલાલ (અમરેલીવાળા) | માટુંગા |
| રૂ. ૨૫૧–૦૦ | શાહ જયંતીલાલ નાનચંદ દલાલ | સુરેન્દ્રનગર |
| રૂ. ૨૦૧–૦૦ | શાહ અમૃતલાલ નાનચંદ દલાલ | સુરેન્દ્રનગર |
| રૂ. ૨૦૧–૦૦ | ઝોટા જયેન્દ્રભાઈ હીરાલાલ (રાધનપુરવાળા) | મુંબઈ |
| રૂ. ૨૦૧–૦૦ | શાહ કાંતિલાલ કંકુચંદ | મહેસાણા |
| રૂ. ૨૦૧–૦૦ | શાહ શાંતિલાલ દલીચંદ (સિહોરવાળા) | ભાવનગર |
| રૂ. ૨૦૧–૦૦ | શાહ પનાલાલ દલીચંદ | સિહોર |
| રૂ. ૧૨૫–૦૦ | શાહ નગીનદાસ દલીચંદ (સિહોરવાળા) | માટુંગા |
| રૂ. ૧૦૧–૦૦ | શાહ રાયચંદ દલીચંદ (સિહોરવાળા) | સાવરકુંડલા |
| રૂ. ૧૦૧–૦૦ | શાહ પંકજકુમાર નટવરલાલ ઘીવાળા | રાજકોટ |
| રૂ. ૧૦૧–૦૦ | શાહ ચીમનલાલ મોતીલાલ | ખંભાત |
| રૂ. ૨૫–૦૦ | શાહ પ્રિયવદન રાયચંદ (સિહોરવાળા) | સાવરકુંડલા |
| રૂ. ૨૫–૦૦ | કંદોઈ હર્ષદભાઈ | લીંબડી |
| રૂ. ૨૧–૦૦ | અ. સૌ૦ લાભુબ્હેન ધીરજલાલ શાહ | લીંબડી |

# કિંચિત્ વક્તવ્ય

●

પર્યુષણપર્વમાં આચાર મુજબ પૂ. સાધુ ભગવંતો સભા સમક્ષ શ્રી કલ્પસૂત્ર વાંચે છે. હાલમાં પ્રાયઃ સર્વત્ર આ શ્રી કલ્પસૂત્ર ઉપર પૂ. ઉપા. શ્રી વિનયવિજયજી ગણિવરે રચેલી સુબોધિકા નામની ટીકા વંચાય છે. એ ટીકા અર્થની દૃષ્ટિએ ઘણી સુગમ અને સરળ હોવા છતાં પ્રાકૃત ભાષાની વિશિષ્ટ પ્રકારની શૈલીને કારણે, એના જ આધારે રચાયેલી સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ શ્રોતાઓને સમજ અને રસ પડે તે રીતે કરવાનું કાર્ય જરા કઠણ છે અને તેમાં પણ શ્રી તીર્થંકર પરમાત્માની માતાએ જોયેલાં ચૌદ મહાસ્વપ્નોના વર્ણનનો ગુજરાતી અનુવાદ શીઘ્રપણે કરીને સભા સમક્ષ વ્યવસ્થિત રીતે રજૂ કરવાનું કામ વધારે કપરું છે. વિદ્વાન સાધુ ભગવંતો પણ એમાં કંઈક મુશ્કેલી અનુભવે છે. એ મુશ્કેલીનું નિવારણ કરવા માટે, તેમજ વાચક અને શ્રોતાઓને સ્વપ્નવર્ણનમાં સૂત્રકાર ભગવાન ૧૪ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામીએ જણાવેલા ઉત્તમ સ્વપ્નોના એકે એક વિશેષણનું મહત્ત્વ સમજાય, એની સમજ પડે, એમાં રસ પડે ને સૌના હૃદયમાં શ્રી તીર્થંકર પરમાત્મા પ્રત્યે ભાવભક્તિ વૃદ્ધિ પામે તે માટે ચૌદ મહાસ્વપ્નોના વર્ણનનો ગુજરાતી ભાવાનુવાદ અહીં રજૂ કરવામાં આવ્યો છે. તેમાં ક્યાંક ક્યાંક વિષયને સુસ્પષ્ટ કરવા માટે થોડોક વિસ્તાર કરવામાં આવ્યો છે. પરંતુ ચાલુ અનુવાદમાં તો વિશેષણનો સામાન્ય અર્થ જ લખવામાં આવ્યો છે અને વિસ્તારને ટિપ્પણીમાં મૂકી દેવામાં આવ્યો છે. સમયની અનુકૂળતા હોય, વાચક પોતે

વિસ્તારપ્રેમી હોય, તેમજ સભાજનો પણ વસ્તુને વિસ્તારથી સમજવાની ભાવનાવાળા હોય તો ટિપ્પણીમાં મૂકેલો આ વિસ્તારવાળો અર્થ પણ સભાને સંભળાવવા યોગ્ય છે.

ભાવાનુવાદમાં ઘણી કાળજી રાખવામાં આવી છે, છતાંય સ્ખલનાનો સંભવ તો છે જ. સ્ખલના પ્રત્યે પૂ. વિદ્વાન સાધુ ભગવંતો મારું ધ્યાન દોરશે તો જરૂર એનું સ્વાગત કરવાની ભાવના રાખું છું.

છેલ્લે છેલ્લે શ્રી કલ્પસૂત્રમાં જે રીતે સ્વપ્નોનું વર્ણન કરાયેલું છે તે મુજબ બધાં સ્વપ્નોનાં ચિત્રો બનાવરાવીને મૂકવાનો વિચાર સ્ફુર્યો. પ્રથમ ત્રણ સ્વપ્નોનાં ચિત્રો અમદાવાદના સુપ્રસિદ્ધ ચિત્રકાર શ્રી જય પંચોલીએ સુંદર રીતે દોરી આપ્યાં છે. બાકીનાં અગિયાર સ્વપ્નોનાં ચિત્રો સુરેન્દ્રનગરના યુવાન ને ઉત્સાહી ચિત્રકાર શ્રી અશ્વિન દેપાળાએ ઉપાશ્રયમાં આવીને નજર સામે બેસીને દોરી આપ્યાં છે. આમ ઉપરોક્ત બંને ચિત્રકારોના સહકારથી ચૌદેય સ્વપ્નોનાં તાદશ ને સુંદર ચિત્રો રજૂ કરી શકાયાં છે.

જોડણીની શુદ્ધિ જાળવવાનો પૂરતો પ્રયાસ કરવામાં આવ્યો છે અને એમાં ગુજરાતી ભાષાના જાણીતા વિદ્વાન પ્રા. રતિલાલ સાં. નાયકની સહાયતા પણ મળી છે.

સ્વપ્નવર્ણનનો આ ભાવાનુવાદ વાચક-શ્રોતા સૌને સુખદાયક અને ભાવભક્તિવર્ધક બને એ જ શુભાભિલાષા.

પુરીબાઈ જૈન ધર્મશાળા
**લીંબડી** ( સૌરાષ્ટ્ર )
વિ. સં. ૨૦૪૩ જ્ઞાનપંચમી

સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય
રવિચન્દ્રસૂરીશ્વર શિષ્યાણુ
**મુનિ હિતવિજય**

# ' શ્રી અને લક્ષ્મી ' આ બંને દેવીઓ અલગ અલગ છે.

●

અનંત ઉપકારી શ્રી તીર્થંકર ભગવંતની માતા ચૌદ સ્વપ્નોમાં ચોથા સ્વપ્નમાં જે શ્રીદેવીનું સ્વપ્ન જુએ છે તે શ્રીદેવી, લક્ષ્મીદેવી નથી પણ તેનાથી અલગ દેવી છે. શ્રીદેવી, લક્ષ્મીદેવી, ધૃતિદેવી, હ્રીદેવી, બુદ્ધિદેવી, કીર્તિદેવી આ બધી અલગ અલગ દેવીઓ છે. એટલા જ માટે કલ્પસૂત્રના બીજા વ્યાખ્યાનમાં સૂત્રકાર ભગવાન શ્રી ભદ્રબાહુ-સ્વામી સ્પષ્ટપણે ફરમાવે છે કે, ' પઉમદ્દહકમલવાસિણિં સિરિં ભગવઇં પિચ્છઇ ' અર્થાત્ પદ્મસરોવરના કમલમાં નિવાસ કરનારી ભગવતી શ્રીદેવીને ત્રિશલાદેવી જુએ છે. આ પ્રમાણે મૂળસૂત્રમાં જ શ્રીદેવી શબ્દ મૂકવામાં આવ્યો છે. વળી આ સૂત્રની ટીકામાં પૂ. ઉપા. શ્રી વિનયવિજયજી ગણિવરે પણ ' સિરિં ' પદની વ્યાખ્યા કરતાં ' શ્રિયં-શ્રીદેવતાં એમ જણાવ્યું છે. જો શ્રીદેવી એ લક્ષ્મીદેવી જ હોત તો તેમણે ' શ્રિયં - લક્ષ્મીં ' એ રીતે એનો પર્યાય જણાવ્યો હોત, પણ તેમ નહીં જણાવતાં તેમણે ' શ્રિયં-શ્રીદેવતાં ' જણાવ્યું છે.

તદુપરાંત ' શ્રી અને લક્ષ્મી ' આ બંને દેવીઓ અલગ અલગ છે, એ હકીકતનું સમર્થન કરનારું એક મહત્ત્વનું પ્રમાણ શ્રી સમવાયાંગ સૂત્રની ટીકામાંથી આપણને પ્રાપ્ત થાય છે, જે પ્રામાણિક અને સર્વગ્રાહ્ય છે.

શ્રી સમવાયાંગસૂત્રમાં એકથી માંડીને સો સુધી અને ત્યાર પછી ૧૫૦-૨૦૦ અને તેથી પણ અધિક સંખ્યા-વાળા પદાર્થોની પ્રરૂપણા કરવામાં આવી છે. તેમાં એક હજાર, બે હજાર અને ચાર હજાર યોજનના વિસ્તારવાળી

વસ્તુનું નિરૂપણ કરનારા ૧૧૩-૧૧૫-૧૧૭ મા સૂત્રની ટીકામાં, ટીકાકાર શ્રી અભયદેવસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે, 'પદ્મદ્રહ ઉપર શ્રીદેવીનો નિવાસ છે અને તે હિમવાન્-વર્ષધર પર્વત ઉપર આવેલો છે. પુંડરિકદ્રહ ઉપર લક્ષ્મીદેવીનો નિવાસ છે અને તે શિખરિ-વર્ષધર પર્વત ઉપર આવેલો છે. મહાપદ્મદ્રહ ઉપર હ્રીદેવીનો નિવાસ છે અને તે મહાહિમવંત–વર્ષધર પર્વત ઉપર આવેલો છે. મહાપુંડરિકદ્રહ ઉપર બુદ્ધિદેવીનો નિવાસ છે અને તે રુક્મિવર્ષધર પર્વત ઉપર આવેલો છે. તિગિચ્છદ્રહ ઉપર ધૃતિદેવીનો નિવાસ છે અને તે નિષધ પર્વત ઉપર આવેલો છે. કેસરીદ્રહ ઉપર કીર્તિદેવીનો નિવાસ છે અને તે નીલવંત–વર્ષધર પર્વત ઉપર આવેલો છે.'

(ટીકાનો ભાવાનુવાદ: મુદ્રિત પ્રત પ્ર. આ. પૃષ્ઠક્રમાંક ૧૦૫)

ઉપરોક્ત પ્રમાણોથી સ્પષ્ટપણે સમજી શકાય છે કે 'શ્રી અને લક્ષ્મી' આ બંને દેવીઓ અલગ અલગ છે.

'કલ્યાણ' માસિક વર્ષ ૩૭, અંક ૧૦, જ્ઞાનગંગા વિભાગ લેખાંક છઠ્ઠો–થોડાક શબ્દોના ફેરફાર સાથે સંક્ષેપમાં.

# ચૌદ સ્વપ્નોનું વર્ણન (ગુજરાતી અનુવાદ)

અનુવાદક : સ્વ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય
રવિચન્દ્રસૂરીશ્વર શિષ્યાણુ
પૂ. મુનિશ્રી હિતવિજયજી

## ૧. ગજ-સ્વપ્ન


શરદ પૂર્ણિમાના ચંદ્રની સમાન સૌમ્ય અને તેજસ્વી મુખવાળી ત્રિશલા ક્ષત્રિયાણી પહેલા સ્વપ્નમાં હાથીને જુએ છે. જો કે ઋષભદેવ ભગવાનની માતાએ પહેલા સ્વપ્નમાં વૃષભને અને વીર ભગવાનની માતાએ પહેલા સ્વપ્નમાં સિંહને જોયો હતો, પણ મોટા ભાગના જિનેશ્વરદેવોની માતા પહેલા સ્વપ્નમાં હાથીને જ જુએ છે. તેથી બહુલતાની દૃષ્ટિએ અને સ્વપ્નોનો ક્રમ હંમેશાં એકસરખો જળવાઈ રહે તે માટે, વીર પ્રભુની માતાએ પહેલા સ્વપ્નમાં સિંહને જોયો હોવા છતાં પણ અહીં હાથીને જોયો એ પ્રમાણે કહેવામાં આવ્યું છે.

ત્રિશલા ક્ષત્રિયાણીએ સ્વપ્નમાં જોયેલો હાથી કેવો શ્રેષ્ઠ, વિશિષ્ટ અને મનોહર છે તેનું વર્ણન કરતાં સૂત્રકાર ભગવાન શ્રી ભદ્રબાહુ સ્વામી કહે છે કે :

(૧) તે હાથીને મજબૂત એવા ચાર દાંત છે.

(૨) આકાશમાં ઘણે ઊંચે રહેલાં, જળ ભરેલાં, કાળાં ઘનઘોર અને વિશાળ વાદળાં પોતાનું બધું જળ

# ૧ હાથી



વરસાવી દીધા પછી દૂધ જેવાં સફેદ બની જાય છે; એ વાદળોના જેવી જ ઊજળી અને વિશાળ એની કાયા છે.

(૩) ઢગલારૂપે ભેગા કરાયેલા મોતીના હાર, ખીરસમુદ્ર, ચંદ્રનાં કિરણો, જળબિંદુ અને રૂપાનો વૈતાઢ્ય પર્વત એ બધી વસ્તુઓના જેવી સફેદ એના શરીરની કાન્તિ છે.

(૪) તે હાથીનાં બંને લમણાંમાંથી ખુશબોદાર મદજળ ઝરી રહ્યું છે. ઝરી રહેલા એ મદજળની ખુશબો વડે તેનાં બંને લમણાં સુગંધીદાર બનેલાં છે અને તેની સુવાસ ચારે તરફ પ્રસરી રહેલી છે. સર્વત્ર પ્રસરી રહેલી તે સુવાસથી આકર્ષાઈને બીજાં સ્થાનોને પડતાં મૂકીને ત્યાંથી દોડી આવેલાં ભમરાઓનાં ટોળે ટોળાં તે હાથીનાં બંને લમણાં ઉપર આસક્ત થઈને તેની આસપાસ ભમી રહેલાં છે.

(૫) એનો દેહ શક્રેન્દ્રના ઐરાવણ હાથી જેવો સુશોભિત છે. ગજશાસ્ત્રમાં ઉત્તમ હાથીના શરીરનાં જે જે ઉત્તમ લક્ષણો બતાવેલાં છે એ સર્વ ઉત્તમ લક્ષણોથી એનો દેહ શોભી રહેલો છે. તેથી તે હાથી સપ્રમાણ અને શ્રેષ્ઠ શરીરવાળો છે.

(૬) જળથી ભરેલાં ગાઢ અને વિશાળ વાદળોના જેવી ગંભીર અને મનોહર ગર્જના કરી રહેલો છે.

(૭) કલ્યાણકારી છે તેમજ સર્વ પ્રકારનાં લક્ષણોના સમૂહથી યુક્ત છે.

આકાશતળમાંથી ઊતરતા અને પોતાના મુખની અંદર પ્રવેશ કરતા આવા સફેદ, વિશાળકાય ને ઉત્તમ લક્ષણોવાળા ગજરાજને ત્રિશલામાતાએ પહેલા સ્વપ્નમાં જોયો.*

*સ્વપ્નમાં જોવાયેલો હાથી ચાર દાંતવાળો છે અને ચાર દાંતથી વિશિષ્ટ પ્રકારનું ફળ સૂચવાય છે. માટે ચાંદીનાં સ્વપ્નો બનાવતી વખતે હાથીને ચાર દાંતવાળો બનાવવો જરૂરી છે.

## ૨. વૃષભ-સ્વપ્ન

ત્યાર પછી ત્રિશલા ક્ષત્રિયાણી બીજા સ્વપ્નમાં વૃષભને જુએ છે. એ વૃષભ કેવો શ્રેષ્ઠ, વિશિષ્ટ અને મનોહર છે તેનું વર્ણન કરતાં કહે છે કે :


(૧) સફેદ કમળની પાંદડીઓનો ઢગલો કર્યો હોય અને તેની જેવી સફેદ કાન્તિ હોય તેના કરતાં પણ ચડી જાય એવી સફેદ કાન્તિવાળો છે.

(૨) એની ઉજ્જવળ કાયામાંથી ઝગમગતો કાન્તિનો પુંજ નીકળી રહ્યો છે અને એ દશેય દિશાઓમાં ફેલાઈ રહ્યો છે. તેથી આ વૃષભ દશેય દિશાઓને ઝળહળાવી રહેલો છે.

(૩) એની કાયામાંથી નીકળતા જ્યોતિપુંજની પ્રેરણાથી જ જાણે કે ઉલ્લસી રહેલી હોય એવી તેની ખૂધ દેદીપ્યમાન, દેખાવડી ને રમણીય બનેલી છે. જો કે તેની ખૂંધ તો ઉન્નતપણાથી સ્વાભાવિક રીતે જ ઉલ્લાસ પામી રહેલી છે, પણ તેની કાયા અતિશય કાન્તિવાળી છે એવું જણાવવા માટે જ અહીં આવી કલ્પના કરવામાં આવી છે.

(૪) તેના શરીર ઉપરની રુવાંટી અતિશય બારીક, નિર્મળ અને સુકોમળ છે તેથી આ વૃષભ સ્નિગ્ધ કાન્તિવાળો છે.

(૫) તેના શરીરના સર્વ અવયવો મજબૂત છે, સારી રીતે બંધાયેલા છે, પુષ્ટ છે, મનોહર છે, તેમજ યથાસ્થાને ગોઠવાયેલા છે તેથી તેનો દેહ અત્યંત શોભાવાળો બન્યો છે.


(૨) વૃષભ

(૬) તેનાં બે શિંગડાં મજબૂત છે, ગોળાકાર છે, અતિ ઉત્તમ છે, આગળના ભાગમાં તેલથી ચોપડેલાં છે અને અણીદાર છે તેથી શોભી રહેલાં છે.

(૭) તેનું મન ક્રૂરતારહિત હોવાથી તે સૌમ્ય મુખાકૃતિવાળો છે અને તેથી ઉપદ્રવોને હરનારો છે

(૮) તેના દાંત સરખા પ્રમાણવાળા છે, સરખી રીતે ગોઠવાયેલા છે અને દૂધ જેવા સફેદ છે તેથી શોભી રહેલા છે.

(૯) અમાપ ગુણોની પ્રાપ્તિ કરાવનારા મંગળોને આમંત્રણ આપનારો છે.

આકાશતળમાંથી ઊતરતા અને પોતાના મુખની અંદર પ્રવેશ કરતા આવા સફેદ, વિશાળકાય અને ઉત્તમ લક્ષણોવાળા વૃષભને ત્રિશલામાતાએ બીજા સ્વપ્નમાં જોયો.

## ૩. સિંહ-સ્વપ્ન

ત્યાર પછી ત્રિશલા ક્ષત્રિયાણી ત્રીજા સ્વપ્નમાં સિંહને જુએ છે. તે સિંહ કેવો શ્રેષ્ઠ, વિશિષ્ટ અને મનોહર છે તેનું વર્ણન કરતાં કહે છે કે:

(૧) ઢગલારૂપે ભેગા કરાયેલા મોતીના હાર, ખીરસમુદ્ર, ચન્દ્રનાં કિરણો, જલબિંદુ અને રૂપાનો વૈતાઢ્ય પર્વત આ બધી વસ્તુઓના જેવી સફેદ એના શરીરની કાન્તિ છે.

(૨) અત્યંત રૂપાળો છે તેથી વારંવાર જોયા કરવાનું મન થાય તેવો છે.

(૩) તેના બે પંજા મજબૂત અને ઉત્તમ છે.


(૪) તેની દાઢ ગોળાકાર, પુષ્ટ, પોલાણરહિત, ઉત્તમ અને તીક્ષ્ણ છે તેથી તેનું મુખ અત્યંત સુશોભિત બનેલું છે.

(૫) તેના બે હોઠ સંસ્કાર કરેલા ઉત્તમ જાતિના કમળની સમાન સુકોમળ છે, સપ્રમાણ છે અને ઉત્તમ છે તેથી શોભી રહેલા છે.

(૬) તેનું તાળવું લાલ કમળની પાંદડીના જેવું લાલ અને સુકોમળ છે.

(૭) લપલપાટ કરતી તેની જીભ અત્યંત મનોહર લાગે છે.

(૮) સોનીઓ જેમાં સોનું મૂકીને ગાળે છે તે મૂસમાં એટલે કે માટીની કુલડીમાં ગાળેલા અને ફૂદડી ફરતાં ઉત્તમ સુવર્ણની જેવાં ગોળ તથા સ્વચ્છ, વીજળી જેવાં ચળકતાં ને ચંચળ એવાં તેનાં બે નેત્રો છે.


૩ સિંહ

(૯) તેની બે સાથળ વિશાળ છે, પુષ્ટ છે અને ઉત્તમ છે.

(૧૦) તેની ખાંધ પરિપૂર્ણ અને નિર્મળ છે.

(૧૧) તેની કેશવાળી સુકોમળ છે, સફેદ છે, બારીક છે, ઉત્તમ લક્ષણોવાળી છે અને લાંબી છે. આવી ભવ્ય કેશવાળીના દમામ વડે તે સિંહ અત્યંત સોહામણો બનેલો છે.

(૧૨) તે સિંહે પોતાનું પૂંછડું પહેલાં જમીન ઉપર જોરથી પછાડ્યું છે. પછી ઊંચું કર્યું છે ને ગોળાકારે વાળેલું છે તેથી તેનો રુઆબ અત્યંત વધી ગયેલો છે.

(૧૩) ક્રૂરતારહિત મનને કારણે તેનું મુખારવિન્દ સૌમ્ય અને સુંદર બનેલું છે.

(૧૪) તે વિલાસ પૂર્વકની મંદ મંદ ગતિથી જઈ રહેલો છે – તેની ચાલ મલપતી છે.

(૧૫) તેના પગના નખ અતિશય અણીદાર છે.

(૧૬) તેણે પોતાના મુખની શોભા વધારવાને માટે જ જાણે કે પોતાની મનોહર જીભ ફેલાવેલી છે.

આકાશતળમાંથી ઊતરતા અને પોતાના મુખની અંદર પ્રવેશ કરતા આવા સુંદર અને ઉત્તમ લક્ષણોવાળા વનરાજને ત્રિશલામાતાએ ત્રીજા સ્વપ્નમાં જોયો.[1]

---

૧. વર્તમાનમાં જૈન સંઘમાં જે ચાંદી-મઢેલાં સ્વપ્નો બનાવાય છે તેમાં કેટલીક જગ્યાએ હાથીની જેમ સિંહને પણ સૂંઢવાળો બનાવાય છે. પરંતુ સૂંઢ તો હાથીને જ હોય છે, સિંહને કદી સૂંઢ હોતી નથી. આ ભૂલ સુધારી લેવા યોગ્ય છે. 'કેસરી' એટલે જ 'સિંહ'. 'કેસરી સિંહ' એમ બોલવાની જરૂર જ નથી. 'કેસરી સિંહ એટલે વિશિષ્ટ પ્રકારનો (સૂંઢવાળો) સિંહ' આવી માન્યતા હોય તો તે ભૂલ ભરેલી છે.

# ૪. શ્રીદેવી-સ્વપ્ન

ત્યાર પછી ત્રિશલા ક્ષત્રિયાણી ચોથા સ્વપ્નમાં શ્રીદેવીને[1] જુએ છે. તે શ્રીદેવી હિમવંત નામના ઊંચા પર્વત ઉપર આવેલા, પદ્મસરોવરની અંદર ઊગેલા અને બીજાં એક કરોડ, વીસ લાખ, પચાસ હજાર, એકસો ને ઓગણીસ (૧, ૨૦, ૫૦, ૧૧૯) કમળોથી વીંટળાયેલા મુખ્ય કમળ ઉપર રહેલી છે. શ્રીદેવી જે કમળ ઉપર નિવાસ કરી રહેલી છે તે કમળ કેવું શ્રેષ્ઠ, વિશિષ્ટ અને મનોહર છે તેનું વર્ણન કરતાં કહે છે કે:

(૧) આ ભરતક્ષેત્રના છેડે આવેલો, હિમવંત નામનો એક મોટો પર્વત છે. તે પર્વત સો (૧૦૦) જોજન ઊંચો છે. એક હજાર બાવન (૧૦૫૨) જોજન અને ૧૨ કલા પહોળો છે તેમજ તે આખોય પર્વત સુવર્ણમય છે.


(૨) તેની ઉપર પદ્મસરોવર નામનું એક મોટું અને સુંદર સરોવર આવેલું છે. તે સરોવર દસ જોજન ઊંડું. પાંચસો જોજન પહોળું અને એક હજાર જોજન લાંબું છે. તેનું તળિયું વજ્રરત્નનું બનેલું છે.

(૩) આ સરોવરના મધ્યભાગમાં એક મોટું કમળ છે. તે પાણીની સપાટીથી બે કોશ ઊંચું રહેલું છે. એક જોજન પહોળું અને એક જોજન લાંબું છે. તેનું નાળચું દસ જોજનનું છે અને તે નીલરત્નમય છે. વજ્રરત્નમય એનું

---

૧. આ 'શ્રી અને લક્ષ્મી' બંને દેવીઓ અલગ અલગ છે – જુઓ પ્રસ્તાવના પાનાં ૫–૬.

## ૪ શ્રીદેવી



શૂળ છે અને રિષ્ટરત્નમય એનું કંદ (મૂળ) છે. એની બહારની પાંદડીઓ લાલ સુવર્ણમય છે અને અંદરની પાંદડીઓ સોનેરી છે.

(૪) આવા મનોહર એ કમળના મધ્યભાગમાં એક સોનેરી કળી છે. તે કળી બે કોશ પહોળી, બે કોશ લાંબી અને એક કોશ ઊંચી છે. વળી તે લાલ સુવર્ણમય કેસરાંથી શોભી રહેલી છે.

(૫) આ સોનેરી કળીના બરાબર મધ્યભાગમાં શ્રીદેવીનું મંદિર આવેલું છે. તે અડધો કોશ પહોળું, એક કોશ લાંબું અને એક કોશ કરતાં કંઇક ઓછી ઊંચાઇવાળું છે. આ શ્રીદેવીના મંદિરને ત્રણ દ્વાર છે: એક દ્વાર છે પૂર્વદિશા સમ્મુખ, બીજું દ્વાર છે ઉત્તરદિશા સમ્મુખ અને ત્રીજું દ્વાર છે દક્ષિણદિશા સમ્મુખ. આ ત્રણેય દ્વાર ૫૦૦ ધનુષ્ય ઊંચાં છે અને ૨૫૦ ધનુષ્ય પહોળાં છે.

(૬) આવા એ મંદિરના મધ્યભાગમાં એક સમચોરસ મણિમય વેદિકા (ચોરસ ઓટલો) છે. તે ૨૫૦ ધનુષ્ય લાંબી અને ૨૫૦ ધનુષ્ય પહોળી છે. તેના ઉપર શ્રીદેવીની અત્યંત મુલાયમ અને મનોહર શય્યા છે.

(૭) આવું ભવ્ય એ મુખ્ય કમળ છે અને એ મુખ્ય કમળની ફરતે એક ઉપર બીજું, બીજા ઉપર ત્રીજું, એમ કમળોનાં બનેલાં છ વલયો રહેલાં છે. તેમાં મુખ્ય કમળને અડીને રહેલા પહેલા વલયમાં ૧૦૮ કમળ છે અને તેમાં શ્રીદેવીનાં આભરણો એટલે મસ્તક વગેરે અંગોમાં પહેરવાનાં ઘરેણાં ભરેલાં છે. તે બધાં કમળોની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ મુખ્ય કમળ કરતાં અડધાં છે. એટલે કે તે પાણીની સપાટીથી એક કોશ ઊંચે રહેલાં છે, અડધો જોજન લાંબાં છે અને અડધો જોજન પહોળાં છે.

(૮) આ પહેલા વલયની ફરતે કમળોનું બનેલું બીજું વલય રહેલું છે. આ બીજા વલયમાં રહેલાં કમળોની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ, પહેલા વલયમાં રહેલાં કમળોની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઈ કરતાં અડધી છે. એટલે કે મુખ્ય કમળ પાણીની સપાટીથી બે કોશ ઊંચે રહેલું છે, તો પહેલા વલયમાં રહેલાં કમળો પાણીની સપાટીથી એક કોશ ઊંચે રહેલાં છે અને બીજા વલયમાં રહેલાં કમળો પાણીની સપાટીથી અડધો કોશ ઊંચે રહેલાં છે. મુખ્ય કમળ એક જોજન લાંબું-પહોળું છે તો પહેલા વલયમાં રહેલાં કમળો ૦॥ (૧/૨) જોજન લાંબાં-પહોળાં છે અને બીજા વલયમાં રહેલાં કમળો ૦। (૧/૪) જોજન લાંબાં-પહોળાં છે. આ જ પ્રમાણે બાકીનાં વલયોમાં રહેલાં કમળોની લંબાઈ, પહોળાઈ અને ઊંચાઇનું માપ ક્રમે કરીને અડધું-અડધું છે.

હવે મુખ્ય કમળને અડીને રહેલા પહેલા વલયમાં તો શ્રીદેવીનાં આભરણોથી ભરેલાં ૧૦૮ કમળો છે.

(૯) આ પહેલા વલયની ઉપર રહેલા બીજા વલયમાં કુલ ચોત્રીસ હજાર ને અગિયાર (૩૪૦૧૧) કમળો છે. તેમાં કઈ દિશા સમ્મુખ કેટલાં કમળો રહેલાં છે અને તેમાં કયા કયા દેવોનો નિવાસ છે તેનું વર્ણન કરતાં કહે છે કે:

વાયવ્ય, ઈશાન અને ઉત્તર આ ત્રણ દિશા સમ્મુખ ચાર હજાર (૪૦૦૦) કમળો રહેલા છે અને તેમાં શ્રીદેવીના ચાર હજાર (૪૦૦૦) સામાનિક દેવોનો નિવાસ છે.

અગ્નિ ખૂણા સમ્મુખ આઠ હજાર (૮૦૦૦) કમળો રહેલાં છે અને તેમાં આભ્યંતર પર્ષદાના આઠ હજાર (૮૦૦૦) ગુરુસ્થાનીય દેવોનો નિવાસ છે.

દક્ષિણ દિશા સમ્મુખ દસ હજાર (૧૦,૦૦૦) કમળો રહેલાં છે અને તેમાં મધ્યમ પર્ષદાના દસ હજાર (૧૦,૦૦૦) મિત્રસ્થાનીય દેવોનો નિવાસ છે.

નૈઋર્ત્ય દિશા સમ્મુખ બાર હજાર (૧૨,૦૦૦) કમળો રહેલાં છે અને તેમાં બાહ્ય પર્ષદાના બાર હજાર (૧૨,૦૦૦) કિંકરસ્થાનાય દેવોનો નિવાસ છે.

શ્રીદેવીને હાથી-ઘોડા-રથ-પાળા-પાડા-ગાંધર્વ-નાટ્ય આ સાત પ્રકારની સેના છે અને તેના સાત સેનાપતિ છે.

પશ્ચિમ દિશા સમ્મુખ સાત કમળો રહેલાં છે અને તેમાં શ્રીદેવીની આ સાત પ્રકારની સેનાના સાત સેનાપતિઓનો નિવાસ છે.

આ પ્રમાણે બીજા વલયમાં કુલ ચોત્રીસ હજાર ને અગિયાર (૩૪૦૧૧) કમળો છે.

(૧૦) ત્રીજા વલયમાં સોળ હજાર (૧૬૦૦૦) કમળો છે અને તેમાં શ્રીદેવીના સોળ હજાર (૧૬૦૦૦) અંગરક્ષક દેવોનો નિવાસ છે.

(૧૧) ચોથા વલયમાં બત્રીસ લાખ (૩૨,૦૦,૦૦૦) કમળો છે અને તેમાં આભ્યંતર પર્ષદાના ૩૨ લાખ આભિયોગિક દેવોનો નિવાસ છે.

(૧૨) પાંચમા વલયમાં ૪૦ લાખ (૪૦,૦૦,૦૦૦) કમળો છે અને તેમાં મધ્યમ પર્ષદાના ૪૦ લાખ આભિ-યોગિક દેવોનો નિવાસ છે.

(૧૩) છેલ્લા અને છઠ્ઠા વલયમાં અડતાલીસ લાખ (૪૮,૦૦,૦૦૦) કમળો છે અને તેમાં બાહ્ય પર્ષદાના ૪૮ લાખ આભિયોગિક દેવોનો નિવાસ છે.

આ પ્રમાણે મૂળ કમળ સહિત સર્વ કમળોની સંખ્યા એક કરોડ, વીસ લાખ, પચાસ હજાર, એકસો ને વીસની છે અને તેમાંના મુખ્ય કમળ ઉપર શ્રીદેવીનો નિવાસ છે.

હવે તે શ્રીદેવીનું પોતાનું સ્વરૂપ કેવું છે તેનું વર્ણન કરતાં કહે છે કે :

(૧) તેનું રૂપ અત્યંત મોહક છે.

(૨) તેના બે ચરણો સારી રીતે સ્થાપન કરેલા છે અને તે સુવર્ણમય કાચબા જેવા મનોહર છે.

(૩) તેના પગનાં અંગૂઠા અને આંગળીઓ અતિશય ઉન્નત અને પુષ્ટ છે.

(૪) તેની ઉપરના નખો સ્વાભાવિક રીતે જ એટલા બધા લાલ છે કે, જોનારને તો એમજ લાગે છે કે, તે લાક્ષાદિ રસ વડે રંગીને જ લાલ બનાવ્યા હશે. વળી તે નખો માંસલ અને પુષ્ટ હોવા છતાંય પાતળા છે અને લાલ કાન્તિવાળા છે.

(૫) તેના હાથ અને પગનાં તળિયાં કમળની પાંદડી જેવાં સુકોમળ છે અને તેની ઉપર રહેલી આંગળીઓ પણ સુકોમળ હોવાથી ઉત્તમ છે.

(૬) કુરુવિંદ નામના આવર્ત્તથી અથવા કુરુવિંદ નામના આભરણથી શોભતી તથા હાથીની સૂંઢની જેમ ઉપરના ભાગમાં જાડી અને નીચેના ભાગ તરફ થોડી થોડી પાતળી થતી જતી એવી તેની બે જંઘા[1] છે.

(૭) તેના બે ઢીંચણો માંસથી સારી રીતે ઢંકાયેલા છે તેથી દેખાતા નથી.

(૮) તેની બે સાથળ ઉત્તમ હાથીની સૂંઢ જેવી પુષ્ટ છે.

(૯) તેની કેડ પહોળી અને મનોહર છે તેમજ તે સુવર્ણમય કંદોરાથી શોભી રહેલી છે.

(૧૦) હવે તેની સુકોમળ કાયા ઉપર રહેલી મનોહર રુવાંટીનું વર્ણન કરતાં કહે છે કે: તેલ વગેરેથી ઘૂંટેલું શ્રેષ્ઠ અંજન, ભમરાઓનો સમૂહ અને જળથી ભરેલાં વાદળાંઓનો સમૂહ આ બધાંના જેવી તે અતિશય શ્યામ છે. વળી તે રુવાંટી સીધી અને સપાટ છે, આંતરા રહિત અને બારીક છે, વળી સુંદર છે અને વિલસી રહેલી છે તેથી મનોહર લાગે છે. શિરીષ નામનું ફૂલ અત્યંત સુકોમળ હોય છે અને જગતમાં બીજી પણ ઘણી સુકોમળ વસ્તુઓ છે. પરંતુ શ્રીદેવીના શરીર ઉપરની રુવાંટી તો એ સર્વને ટપી જાય એવી સુકોમળ છે તેથી ખૂબ જ રમણીય લાગે છે.

(૧૧) તેની કમરની નીચેનો આગલો ભાગ નાભિમંડળ વડે સુશોભિત, વિશાળ અને સારાં લક્ષણોવાળો છે.

(૧૨) તેનું ઉદર મુઠ્ઠીમાં સમાઈ જાય તેવું પાતળું છે, પ્રશસ્ત છે અને ત્રિવલી વડે શોભી રહેલું છે.

---

૧. ઘૂંટણની ઉપરના અને ગોઠણથી નીચેના પગના ભાગને જંઘા કહેવાય છે.

(૧૩) ચન્દ્રકાન્ત વગેરે જાતજાતના મણિ, પીળું સોનું, વૈડૂર્ય વગેરે રત્નો તેમજ નિર્મળ અને ઊંચી જાતનું લાલ સુવર્ણ આ બધાં ઉત્તમ અને મહામૂલ્યવાન દ્રવ્યોનાં બનાવેલાં હાર, કંકણ વગેરે આભરણ અને વીંટી વગેરે આભૂષણ તેણે પોતાના મસ્તક વગેરે અંગોમાં અને આંગળી વગેરે ઉપાંગોમાં પહેરેલાં છે, એથી એના શરીરની શોભા અત્યંત વધી ગયેલી છે. મસ્તક, કંઠ, છાતી વગેરેને અંગ કહેવાય છે અને આંગળી, અંગૂઠાદિને ઉપાંગ કહેવાય છે. મસ્તક વગેરે અંગો ઉપર પહેરવાનાં મુગટ, હાર, કંકણ વગેરે અલંકારોને આભરણ કહેવાય છે અને આંગળી વગેરે ઉપાંગો ઉપર પહેરવાનાં વેઢ, વીંટી વગેરે અલંકારોને આભૂષણ કહેવાય છે. આભરણ અને આભૂષણ આ બંને વડે શ્રીદેવીએ પોતાનું શરીર અલંકૃત કરેલું છે. અર્થાત્ તેણે પોતાનાં સર્વ અંગોપાંગમાં ઘરેણાં પહેરેલાં છે.

(૧૪) કંઠમાં પહેરેલી મોતી વગેરેની અને મચકુંદ આદિના પુષ્પની માળાઓ વડે વ્યાપ્ત અને દેદીપ્યમાન એવું તેનું સ્તનયુગલ નિમળ સુવર્ણ-કળશની જેમ શોભી રહેલું છે. અર્થાત્ તેનાં બે સ્તન, સુવર્ણ-કળશ જેવાં પુષ્ટ અને ગોળ છે.

(૧૫) યથાસ્થાને સ્થાપન કરેલાં મરકતપત્રો વડે અલંકૃત કરાયેલા અને જોયા જ કરવાનું મન થાય તેવા મોતીના ગુચ્છાથી ઉજ્જ્વળ બનેલા મોતીના હાર વડે શ્રીદેવી શોભી રહેલી છે. વળી રત્નમય દોરામાં પરોવેલા સોનૈયાની માળા વડે પણ તે શોભી રહેલી છે.

(૧૬) બે કાનમાં પહેરેલાં બે કુંડળો તેના ખભા ઉપર ઝૂલી રહેલાં છે. ઝગમગ ઝગમગ થતી-ઝગારા મારતી તેની કાન્તિ છે. શ્રીદેવીના શરીરનું સૌંદર્ય આ શોભાદિ ગુણના સમૂહ વડે જોનારને આશ્ચર્યમુગ્ધ બનાવી દે તેવું છે.

(૧૭) રાજા સેવકોના સમૂહથી વીંટળાયેલો હોય તો જ શોભા પામે છે. મુખ એ શરીરનો રાજા ગણાય છે. મુખરૂપી રાજા પણ સેવકોના સમૂહથી વીંટળાયેલો હોય તો જ શોભા પામે. શોભાદિ ગુણનો સમૂહ શ્રીદેવીના મુખરૂપી રાજા માટે સેવકોના સમૂહરૂપ છે. શોભાદિ ગુણના સમૂહરૂપ સેવકોના સમૂહથી વીંટળાયેલો શ્રીદેવીના મુખરૂપી રાજા શોભી રહેલો છે. અહીં કહેવાનો ભાવ એ છે કે, શ્રીદેવીએ પોતાનાં સર્વ અંગોપાંગમાં જે અલંકારો પહેરેલા છે તેનાથી ઉત્પન્ન થતો શોભાનો સમૂહ સેવકની જેમ શ્રીદેવીના મુખનરેશને સેવે છે. અર્થાત્ અંગોપાંગમાં પહેરેલા અલંકારોની કાન્તિ, પોતપોતાનાં અંગોપાંગને શોભાવીને અંતે તો શ્રીદેવીના મુખની શોભા વધારવાનું જ કામ કરી રહી છે.

(૧૮) તેનાં બે નેત્રો ઉત્તમ કમળ જેવાં નિર્મળ અને રમણીય છે.


(૧૯) તેણે પોતાના બે દેદીપ્યમાન હાથમાં બે પુષ્પો ગ્રહણ કરેલાં છે અને તેમાંથી મકરન્દ રૂપી પુષ્પરસ ટપકી રહ્યો છે.

(૨૦) તેણે પોતાના એક હાથમાં પંખો ધારણ કરેલો છે. તે લીલાપૂર્વક વાયુના હલનચલન માટે અથવા મનના વિનોદને માટે જ હલાવે છે, પણ પરસેવાનું નિવારણ કરવા માટે નહીં. કારણ કે દેવોને પરસેવો થતો નથી.

(૨૧) છેલ્લે તેના માથાના વાળનું વર્ણન કરતાં કહે છે કે, તેનો કેશપાશ છૂટા વાળવાળો અને શ્યામ છે. વળી તેની અંદરના વાળ આંતરા રહિત, બારીક, સુંવાળા અને લાંબા છે.

આ પ્રમાણે હિમવત નામના પર્વત ઉપર આવેલા પદ્મસરોવરની અંદર ઊગેલા અને હમણાં જેનું વર્ણન કર્યું તેવા સુંદર કમળ ઉપર નિવાસ કરનારી, વળી ઐશ્વર્યાદિ ગુણોથી યુક્ત તેમજ ઐરાવણ વગેરે દિગ્ગજેન્દ્રોની લાંબી અને પુષ્ટ સૂંઢ વડે અભિષેક કરાતી, આકાશતળમાંથી ઊતરતી અને પોતાના મુખની અંદર પ્રવેશ કરતી શ્રીદેવીને ત્રિશલામાતાએ ચોથા સ્વપ્નમાં જોઈ.






## ૫. ફૂલમાળા-સ્વપ્ન

ત્યાર પછી ત્રિશલા ક્ષત્રિયાણી પાંચમા સ્વપ્નમાં ફૂલમાળાને જુએ છે. એ ફૂલમાળા કેવી શ્રેષ્ઠ, વિશિષ્ટ અને મનોહર છે તેનું વર્ણન કરતાં કહે છે કે :

(૧) આ ફૂલમાળાની અંદર કલ્પવૃક્ષનાં તાજાં અને સુવાસિત ફૂલોની ગૂંથેલી બીજી માળાઓ પણ રહેલી છે તેથી તે અત્યંત મનોહર બનેલી છે.

(૨) વળી ચંપો, અશોક, પુન્નાગ, નાગકેસર, પ્રિયંગુ, સરસડો, અંકોલ. કોજજ, કોરંટ, બકુલ, તિલક, ગુલાબ, મચકુંદ, અતિમુક્તક આ બધાં ફૂલઝાડનાં ફૂલ અને મોગરો, ચમેલી, જાઈ, જૂઈ, ડમરો, નવમાલિકા, વાસંતિકા આ બધી વેલોનાં ફૂલ તથા કમળો અને કુમુદો તેમજ સુવાસિત આમ્રમંજરી તેની અંદર ગૂંથેલી હોવાથી આ ફૂલમાળા અત્યંત સુગંધવાળી બનેલી છે.

(૩) ચિત્તમાં આહ્લાદ ઉત્પન્ન કરનારી અનુપમ સુવાસ વડે

તે આસપાસની દશેય દિશાઓને મહેકાવી રહેલી છે.

(૪) છએ ઋતુઓમાં ઉત્પન્ન થનારાં ફૂલોની બનાવેલી માળાઓ તેમાં રહેલી છે. તેથી તે માળા દેદીપ્યમાન અને મનોહર એવા લાલ પીળા વગેરે બહુવિધ રંગોવાળી છે અને તેથી જોનારને અચંબો પમાડી દે તેવી છે. મુખ્યત્વે એ સફેદ રંગની છે અને તેમાં થોડા થોડા બીજા રંગો પણ રહેલા છે.


(૫) દૂર સુદૂર ફેલાયેલી આ ફૂલમાળાની સુવાસથી ઘણા ભમરાઓ આકર્ષાયા છે, તેથી તેઓ સામાન્ય સુગંધવાળાં પોતાનાં સ્થાન છોડીને આ ફૂલમાળા તરફ વેગપૂર્વક ધસી આવેલા છે અને તેમાં જ અત્યંત અનુરક્ત બની ગયેલા છે. વળી આ ફૂલમાળા જેવું સુગંધના સરોવર સમાન સુંદર સ્થાન પ્રાપ્ત થવાથી મોજમાં આવીને મધુર ગુંજારવ કરવા લાગેલા છે. એ ભમરાઓ ષટ્પદ, મધુકરી, ભ્રમર એમ અનેક જાતિના છે અને ભાતભાતના એમના રંગો છે. આવા જાતજાતના ને ભાતભાતના ભમરાઓનો મોટો સમૂહ આ ફૂલમાળાની ઉપરનીચે ને આજુબાજુ સર્વત્ર સુવાસમાં લયલીન ને મસ્ત બનીને રહેલો છે.

આકાશતળમાંથી ઊતરતી અને પોતાના મુખની અંદર પ્રવેશ કરતી આવી અત્યંત સુવાસિત ને સુંદર ફૂલમાળાને ત્રિશલામાતાએ પાંચમા સ્વપ્નમાં જોઈ.*

---

*વર્તમાનમાં બનાવાતાં સ્વપ્નોમાં ઘણુંખરું બે ફૂલમાળા હોય છે. પરંતુ ભગવાનની માતા સ્વપ્નમાં એક જ ફૂલમાળા જુએ છે. માટે આ ભૂલ સુધારી લેવા યોગ્ય છે.

(૬) પૂર્ણિમાનો ચંદ્ર



# ૬. ચન્દ્ર-સ્વપ્ન

ત્યાર પછી ત્રિશલા ક્ષત્રિયાણી છઠ્ઠા સ્વપ્નમાં ચન્દ્રને જુએ છે. તે ચન્દ્ર કેવા શ્રેષ્ઠ, વિશિષ્ટ અને મનોહર છે તેનું વર્ણન કરતાં કહે છે કે :

(૧) ગાયનું દૂધ, સમુદ્રનાં ફીણ, જળબિંદુ અને ચાંદીનો કળશ આ બધી વસ્તુઓના જેવી ઉજ્જ્વળ એની કાન્તિ છે.

(૨) સૌમ્ય હોવાથી સુખેથી જોઈ શકાય તેવો ને શીતળતા આપનારો છે.

(૩) એનું દર્શન આખી દુનિયાના લોકોનાં હૃદય અને નેત્રોને પ્રિય લાગે તેવું છે.

(૪) એ પૂનમનો ચન્દ્ર[1] છે. સોળે કળાએ ખીલી ઊઠેલો છે તેથી એનું બિંબ પૂર્ણ છે – પૂરેપૂરું ગોળ છે.

૧ વર્તમાનમાં બનાવાતાં સ્વપ્નોમાં ઘણુંખરું બીજનો ચંદ્ર હોય છે. પરંતુ સ્વપ્નમાં જોવાતો ચંદ્ર પૂર્ણિમાનો હોય છે. માટે આ ભૂલ સુધારી લેવા યોગ્ય છે.

(૫) વન ભલે ને ગમે તેવી ગાઢ ઝાડીવાળું હોય, ભલે ને એ ભીષણ અંધકારવાળુ હોય, તો પણ એમાં પોતાનાં તેજસ્વી કિરણો વેરીને પ્રકાશ ફેલાવી દેનારો છે. પોતાના પ્રચંડ પ્રકાશ વડે ગાઢ અંધકારને પણ ભેદી નાખે ને ભગાડી મૂકે તેવો તેજસ્વી છે.

(૬) એક કવિ અંધકારને ઉદ્દેશીને એને ઠપકો આપતાં કહે છે કે, હે અંધકાર! તું તારા દુઃસાહસને છોડી દે. ભલેને સૂર્ય અસ્ત પામી ગયો હોય! સૂર્યાસ્ત થઈ ગયા પછી પણ જેણે કુમુદોને વિકસાવ્યાં છે, પોતાનાં તેજસ્વી કિરણો વડે આકાશને તેજથી ભરી દઈને જેણે એનું રક્ષણ કર્યું છે, તારી સામે રહેલા એવા ઝળહળતા ચન્દ્રને પણ શું તું જોઈ શકતો નથી? શા માટે તું જગતને કાળું કરવાની ધૃષ્ટતા કરે છે?[૧]

---

૧. સજ્જનોનો સ્વભાવ પોતાની સજ્જનતા વડે જગતને તેજસ્વી બનાવવાનો છે અને દુર્જનોનો સ્વભાવ પોતાની દુર્જનતા વડે જગતને કાળું ને કલંકિત કરવાનો છે. એવી જ રીતે ચન્દ્રનો સ્વભાવ પોતાની ચાંદનીથી આખા જગતને પ્રકાશમય બનાવવાનો છે અને અંધકારનો સ્વભાવ પોતાની કાલિમા વડે જગતને કાજળમય કરી નાખવાનો છે. સૂર્યાસ્ત થયા પછી ચન્દ્ર પોતાના સ્વભાવ મુજબ પોતાની ચાંદનીથી જગતને તેજથી ભરી દેવાનો પ્રયત્ન કરે છે. પણ તેની આડે વાદળું આવી જાય છે તેથી તેનો પ્રકાશ અવરોધાઈ જાય છે ને અંધકારને પોતાની દુર્જનતા બતાવવાની તક મળી જાય છે. એ પોતાના સ્વભાવ મુજબ આખા જગતને કાજળમય કરી નાખે છે. પણ એનાં કારસ્તાન ક્યાં સુધી ટકે? થોડી જ વારમાં ચન્દ્ર વાદળ વચ્ચેથી ડોકિયું કરે છે. એનું દર્શન થતાંની સાથે જ અંધકાર ભયભીત બનીને ભાગંભાગી કરી મૂકે છે, ખૂણેખાંચરે છુપાઈ જાય છે ને ભોંયરામાં પુરાઈ જાય છે. ફરીથી પાછું ચન્દ્ર આડે વાદળું આવી જાય છે ને એને પોતાની ગોદમાં છુપાવી દે છે. તક જોઈ રહેલો અંધકાર ફરી પાછું જગતને કાળું મેશ કરી નાખે છે. આમ તેજતિમિરનું તુમુલ યુદ્ધ ચાલ્યા કરે છે. તિમિરના તોફાનનું આવું દૃશ્ય ચાંદનીમાં ટહેલવા નીકળેલા એક કવિ મહાશયની નજરે પડે છે. તેને તિમિરના આ દુષ્કૃત્ય ઉપર તિરસ્કાર છૂટે છે. એનું હૃદય વ્યથિત થઈ જાય છે, તેથી અંધકારને ઉદ્દશીને એને ઠપકો આપે છે.

(૭) વર્ષ, માસ વગેરેનું પ્રમાણ બતાવનારા કૃષ્ણપક્ષ અને શુક્લપક્ષ નામના બે પક્ષો છે. એ બે પક્ષોની બરાબર મધ્યમાં પૂર્ણિમા રહેલી છે. આ ચન્દ્ર એ પૂર્ણિમાને વિશે શોભી રહેલી કળાવાળો છે. કહેવાનો ભાવ એ છે કે, સ્વપ્નમાં જોવાયેલો ચન્દ્ર પૂર્ણિમાનો છે અને એ સોળે કળાએ ખીલેલો છે.

(૮) આકાશમાં પ્રકાશતા સૂર્યના અસહ્ય તાપથી વનમાં રહેલાં કુમુદો બિડાઈ જાય છે–મૂર્છા પામી જાય છે, જાણે અચેતન બની જાય છે. આ ચન્દ્ર એમને સજીવન કરવાને માટે જાણે કે એમના ઉપર અમૃતનાં છાંટણાં નાખતો ન હોય! તેમ તેમના ઉપર પોતાનાં સૌમ્ય કિરણો વેરીને ફરીથી એમને વિકસાવી દે છે.

(૯) કાજળ જેવી કાળી રાત્રિને પણ પ્રકાશથી ભરી દઈને એને સુશોભિત બનાવી દે છે.

(૧૦) સારી રીતે માંજીને ચકચકિત બનાવેલા અરીસાની સપાટી જેવો તેજસ્વી છે.

(૧૧) હંસ જેવી એની ઉજ્જ્વળતા છે.

(૧૨) ગ્રહ, નક્ષત્ર અને તારાઓનું અગ્રેસરપણું શોભાવી રહેલો છે.

(૧૩) અંધકારને ક્ષણવારમાં જ હણી નાખે છે માટે એનો કટ્ટર શત્રુ છે.

(૧૪) વળી આ ચન્દ્ર કામદેવના ભાથા સમાન છે અર્થાત્ એનું દર્શન લોકોના હૃદયમાં કામની વૃદ્ધિ કરનારું* છે.

(૧૫) વળી આ ચન્દ્ર સમુદ્રમાં પાણીની ભરતી લાવી રહ્યો છે.

(૧૬) પતિના વિરહથી અતિશય આકુળવ્યાકુળ થયેલી સ્ત્રીઓનાં મુખ ઉપર પોતાનાં તેજસ્વી કિરણો વેરીને તેમના વિરહ-દુ:ખમાં અત્યંત વધારો કરી રહ્યો છે. એમનાં હૃદયને બાળીને એમના લોહીનું શોષણ કરી રહ્યો છે.

(૧૭) △ એક કવિ ચન્દ્રને ઉદ્દેશીને કહે છે કે, 'હે રજનીનાથ! હે રાક્ષસ! હે દુર્મતિ! નક્કી તું વિરહી સ્ત્રીઓનું લોહી પીનારો છે; જો એમ ન હોય તો તારા ઉદય વખતે તું લાલઘૂમ બિંબવાળો કેમ થઈ જાય છે અને તે જ વખતે તેઓ ફિક્કા શરીરવાળી કેમ થઈ જાય છે?'

---

* કોઈ એક ધનુર્ધારી માણસ છે. એની પાસે બાણ તો ઘણાં છે પણ એ રાખવા માટેનું ભાથું નથી. એ ભાથું એને મળી જાય છે ત્યારે હર્ષ પામે છે ને પછી નિ:શંકપણે હરણોને વીંધી નાખે છે. એવી જ રીતે કામદેવ પણ લોકોનાં હૃદયને વીંધી નાખનારો એક મહાન ધનુર્ધારી છે. ફૂલો એનાં બાણ છે ને ચંદ્રોદય એનું ભાથું છે. ખીલેલાં પુષ્પો અને સોળે કળાએ ખીલેલો ચંદ્ર આ બે કામવૃદ્ધિનાં સાધન છે. એની પાસે ફૂલો રૂપી બાણ તો છે પણ ચંદ્રોદય સ્વરૂપ ભાથું નથી. ચંદ્રોદય સ્વરૂપ ભાથું જ્યારે એને મળી જાય છે ત્યારે એના આનંદનો પાર રહેતો નથી. પછી તો એ નિ:શંકપણે લોકોના હૃદયને વીંધવા માંડે છે, અર્થાત્ કામથી આકુળવ્યાકુળ કરી નાખે છે.

△ કોઈના દુ:ખમાં વધારો કરવો એ સારું નથી. ચંદ્ર વિરહી સ્ત્રીઓના વિરહદુ:ખમાં વધારો કરી તેમને અત્યંત દુ:ખી કરતો હોવાથી એક કવિને ચંદ્ર ઉપર ચીડ ચડે છે. તેથી પોતાનો એક કાલ્પનિક છતાં ચતુરાઈ ભરેલો સુંદર પુરાવો રજૂ કરીને ચંદ્રના દુષ્કૃત્યને પડકારવા પૂર્વક કહે છે કે, 'નક્કી તું વિરહી સ્ત્રીઓનું લોહી પીનારો છે. કારણ કે તારો ઉદય થતાંની સાથે જ એક બાજુ વિરહી સ્ત્રીઓનાં શરીરનું લોહી ઊડી જાય છે ને બીજી બાજુ તારું બિંબ લાલચોળ થઈ જાય છે. તો એ વિરહી સ્ત્રીઓનાં શરીરનું લોહી ઊડીને ગયું કયાં? તારા બિંબની અંદર જ આવ્યું. તેં લોહી પીધું માટે જ તારા બિંબમાં લાલાશ આવી. લોહી પીધા વિના લાલાશ આવે કયાંથી? હે ચંદ્ર! તારા દુષ્કૃત્યનો આ એક જબ્બર પુરાવો મારી પાસે છે. માટે સાબિત થઈ જાય છે કે, તું વિરહી સ્ત્રીઓનું લોહી પીનારો છે.'

(૧૮) વળી આ ચન્દ્ર સૌમ્ય પ્રકાશવાળો હોવાથી મનોહર રૂપવાળો છે.


(૧૯) એનું બિંબ વિશાળ ને ગોળ છે. એની આકૃતિ સુંદર છે, તેથી એ ગગનમંડળના હાલતાચાલતા તિલક જેવો દેખાય છે. તિલક જેમ ભાલને શોભાવે તેમ આ ચન્દ્ર આકાશને શોભાવે છે.

(૨૦) વળી આ ચન્દ્ર રોહિણીના ચિત્તનું હિત કરનારો+ પ્રિય પતિ છે.

આકાશતળમાંથી ઊતરતા અને પોતાના મુખની અંદર પ્રવેશ કરતા આવા સોળે કળાએ ખીલેલા અને તેજથી ઝળહળતા પૂર્ણિમાના ચન્દ્રને ત્રિશલામાતાએ છઠ્ઠા સ્વપ્નમાં જોયો.

---

\+ રોહિણી નામનું એક નક્ષત્ર છે. કવિઓ એને ચંદ્રની પત્નીરૂપ માને છે. ચંદ્રને રોહિણીનો પ્રિય પતિ કહેવાને બદલે ચિત્તનું હિત કરનારો પ્રિય પતિ કહ્યો છે. તે એકપક્ષીય પ્રેમનું નિવારણ કરવા માટે છે. પ્રેમ બે પ્રકારનો છે : એકપક્ષીય પ્રેમ અને ઉભયપક્ષીય પ્રેમ. પતિ એ એક પક્ષ છે અને પત્ની એ બીજો પક્ષ છે. પતિ અને પત્ની આ ઉભય પક્ષને પરસ્પર પ્રેમ હોય એ બહુ મોટા ભાગ્યની વાત છે. આજના આ કળિકાળના સળગતી આગ જેવા સંસારમાં પતિપત્ની બંનેનો એકબીજા ઉપરનો પ્રેમ જોવા મળે તો સમજવું કે એ પણ આ જમાનાનું એક મોટું આશ્ચર્ય છે. જ્યાં પતિને પત્ની ઉપર પ્રેમ હોય ત્યાં પત્નીને પતિ ઉપર પ્રેમ ન હોય ને જ્યાં પત્નીને પતિ ઉપર પ્રેમ હોય ત્યાં પતિને પત્ની ઉપર પ્રેમ ન હોય. આ કળિકાળના સંસારમાં સર્વત્ર આવી જ હાલત જોવા મળે છે. પણ અહીં તો ચંદ્રને પોતાની પત્ની રોહિણી ઉપર પ્રેમ છે ને રોહિણીને પોતાના પતિ ચંદ્ર ઉપર પ્રેમ છે. પતિ અને પત્ની બંનેનો એકબીજા ઉપર પ્રેમ છે તેથી તેમનો પ્રેમ એકપક્ષીય નથી પણ ઉભયપક્ષીય છે. એકપક્ષીય પ્રેમનું નિવારણ કરીને ઉભયપક્ષીય પ્રેમનું સૂચન કરવા માટે જ અહીં 'ચિત્તનું હિત કરનારો પ્રિય પતિ' એમ કહેવામાં આવ્યું છે. જિનાગમમાં જણાવ્યા મુજબ ચંદ્ર અને રોહિણીનો સંબંધ સ્વામી-સેવક તરીકેનો છે. ચંદ્ર સ્વામી છે ને રોહિણી સેવક છે, પણ પતિપત્ની નથી. આમ છતાં અહીં ચંદ્ર-રોહિણીનો પતિપત્ની તરીકેનો સંબંધ લૌકિક માન્યતા અનુસાર કહ્યો છે. હકીકતમાં રોહિણી તો એક નક્ષત્ર વિશેષ છે.



# ⑦ સૂર્ય ૭. સૂર્ય-સ્વપ્ન

ત્યાર પછી ત્રિશલા ક્ષત્રિયાણી સાતમા સ્વપ્નમાં સૂર્યને જુએ છે. તે સૂર્ય કેવો શ્રેષ્ઠ, વિશિષ્ટ અને મનોહર છે તેનું વર્ણન કરતાં કહે છે કે :

(૧) અંધકારના સમૂહનો એ ચોક્કસપણે નાશ કરી નાખે છે.

(૨) તેજ વડે ઝળહળતું એનું રૂપ છે.

(૩) લોકોની આંખોને આંજી નાખે એવો પ્રચંડ એનો પ્રકાશ છે.卐

(૪) તે ઊગી રહેલો હોવાથી લાલ અશોકવૃક્ષ, ફૂલોથી

---

卐 સૂર્યનાં કિરણો જગત આખાને તપાવે છે પણ પોતાના (બિંબને) વિમાનને તપાવતાં નથી. કારણ કે સૂર્યનું વિમાન બાદર પૃથ્વીકાય જીવોનું બનેલું છે. એ જીવો સ્વભાવથી તો શીતળ જ છે. પોતે જાતે તપતા નથી, છતાં તેમને આતપનામકર્મનો ઉદય હોવાથી આખા જગતને તપાવે છે.

પ્રફુલ્લિત થયેલો કેસૂડો, પોપટની ચાંચ, ચણોઠીનો અર્ધભાગ આ બધી વસ્તુઓના જેવો લાલ છે.

(૫) કમળોનાં વનોને વિકસાવીને એને અત્યંત સુશોભિત બનાવી દે છે.

(૬) મેષ, વૃષભ વગેરે બારેય રાશિઓમાં સંક્રમણ કરીને જ્યોતિષના લક્ષણને જણાવે છે.

(૭) આકાશને પ્રકાશથી ભરી દે છે માટે આકાશના દીપક સમાન છે.

(૮) એનાં લાંબાં લાંબાં કિરણો છે. એ જ એના હાથ છે. એના વડે એ હિમના સમૂહની ગળચી પકડે છે. અર્થાત્ પોતાનાં તેજસ્વી કિરણો વેરીને બરફના પહાડને પણ ઓગાળી નાખે છે.

(૯) ગ્રહ, નક્ષત્ર અને તારાનો એ સ્વામી છે.

(૧૦) રાત્રિનો વિનાશક છે.

(૧૧) ઉદય અને અસ્ત સમયે એક એક મુહૂર્ત સુધી સુખેથી જોઈ શકાય એવા સૌમ્યરૂપને ધારણ કરે છે અને બાકીના સમયે અત્યંત દુ:ખપૂર્વક જોઈ શકાય એવા પ્રચંડરૂપને ધારણ કરે છે.

(૧૨) ચોર અને જાર જેવા પાપીઓની પાપ-પ્રવૃત્તિને એ રોકી દે છે.+

---

+ સૂર્યાસ્ત થાય છે, રાત પડે છે ને અંધકાર જામે છે ત્યારે ચોર, જાર વગેરે પાપી માણસો પોતપોતાની પાપપ્રવૃત્તિ શરૂ કરી દે છે. જ્યાં ત્યાં ફરવા લાગી જાય છે. એ માટે અંધકાર જ એમને અનુકૂળ છે. પણ ઝળહળતા પ્રકાશને ફેલાવનારો સૂર્ય જ્યારે ઊગી નીકળે છે ત્યારે સર્વ પાપીઓને પોતાની પાપપ્રવૃત્તિ રોકી દેવી પડે છે.

(૧૩) પોતાના તાપ વડે ઠંડીથી ધ્રૂજતા લોકોની ઠંડી ઉડાડી દે છે

(૧૪) મેરુ પર્વતને પ્રદક્ષિણા આપતો હોય તેમ તેની આસપાસ હંમેશાં ફર્યા કરે છે.

(૧૫) એનું બિંબ ઘણું વિશાળ છે.


(૧૬) હજાર એનાં કિરણો છે. એના વડે એ ચન્દ્ર, નક્ષત્ર અને તારાને નિસ્તેજ બનાવી દે છે.△

આકાશતળમાંથી ઊતરતા અને પોતાના મુખની અંદર પ્રવેશ કરતા ઉદય પામી રહેલા આવા ઝળહળતા સૂર્યને ત્રિશલામાતાએ સાતમા સ્વપ્નમાં જોયો.

---

△ 'સૂર્ય હજાર કિરણોવાળો છે' એવી લોકમાં પ્રસિદ્ધિ હોવાથી જ અહીં પણ સૂર્યને હજાર કિરણોવાળો કહ્યો છે. હકીકતમાં એનાં કિરણો જુદા જુદા કાળે વધારે પણ હોય છે. લૌકિક શાસ્ત્રમાં કહ્યું છે કે :

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કાર્તિકમાં | માગશરમાં | પોષમાં | માહમાં | ફાગણમાં | ચૈત્રમાં | વૈશાખમાં | જેઠમાં | અષાડમાં | શ્રાવણમાં | ભાદરવામાં | આસોમાં |
| ૧૧૦૦ | ૧૦૫૦ | ૧૦૦૦ | ૧૧૦૦ | ૧૦૫૦ | ૧૨૦૦ | ૧૩૦૦ | ૧૪૦૦ | ૧૫૦૦ | ૧૪૦૦ | ૧૪૦૦ | ૧૬૦૦ |




## ૮. ધ્વજ-સ્વપ્ન

ત્યાર પછી ત્રિશલા ક્ષત્રિયાણી આઠમા સ્વપ્નમાં ધ્વજને જુએ છે. એ ધ્વજ કેવો શ્રેષ્ઠ, વિશિષ્ટ અને મનોહર છે એનું વર્ણન કરતાં કહે છે કે:

(૧) સો ટચના ઉત્તમ સુવર્ણનો બનાવેલો એક દંડ છે. એની ટોચ ઉપર એનું સ્થાપન કરવામાં આવેલું છે.

(૨) લીલા, કાળા, લાલ, પીળા ને સફેદ આ પચરંગી, મનોહર, અતિશય કોમળ, હવાથી ફરકતાં મોરપીંછાં ધ્વજની ચારેય કિનારીઓ ઉપર લગાડેલાં છે. તે તેના કેશની જેમ શોભી રહેલાં છે, તેથી આ ધ્વજ અત્યંત સુશોભિત બનેલો છે.

(૩) વળી આ ધ્વજ ઉપર સિંહ ચીતરેલો છે. તે સ્ફટિકરત્ન, શંખ, અંકરત્ન, મચકુંદ પુષ્પની માળા,

જળબિંદુ અને ચાંદીનો કળશ આ બધી વસ્તુઓના જેવો સફેદ છે. સુંદરપણાથી શોભી રહેલો છે અને આકાશને ફાડી નાખવાનો પ્રયત્ન કરી રહ્યો છે.卐

(૪) વળી મંદ મંદ વાઈ રહેલા સૌમ્ય પવનની લહેરીઓના સંગથી ફરકી રહ્યો છે.

(૫) બહુ મોટો અને સુંદર છે તેથી લોકોને જોયા જ કરવાનું મન થાય તેવો છે.


આકાશતળમાંથી ઊતરતા અને પોતાના મુખની અંદર પ્રવેશ કરતા આવા સુંદર અને વિશાળ ધ્વજને ત્રિશલામાતાએ આઠમા સ્વપ્નમાં જોયો.*

---

卐 કહેવાનો ભાવ એ છે કે, હવાની લહેરીઓથી ધ્વજ ઊડી રહ્યો છે તેથી તેમાં ચીતરેલો સિહ વારંવાર ઊંચે આકાશ તરફ ઊછળતો દેખાય છે. તેથી તે પોતાના મોટા પરાક્રમથી આકાશને ફાડી નાખવાનો પ્રયત્ન કરી રહ્યો હોય તેવો ભાસ જોનારને થાય છે

* વર્તમાનમાં બનાવાતાં સ્વપ્નોમાં ઘણુંખરું મંદિરના શિખરયુક્ત, શિખર ઉપર ચડાવાતો લાંબો ધ્વજ હોય છે. પરંતુ સ્વપ્નમાં જોવાતો ધ્વજ, રાષ્ટ્રિય ધ્વજ જેવા લંબચોરસ આકારવાળો અને માત્ર દંડ ઉપર સ્થાપન કરેલો હોય એમ સંભવે છે. તે કીર્તિ ફેલાવનારો હોવાથી તેને કીર્તિધ્વજ કહેવાય.

# ૯. કળશ-સ્વપ્ન




ત્યાર પછી ત્રિશલા ક્ષત્રિયાણી નવમા સ્વપ્નમાં કળશને જુએ છે. તે કળશ કેવો શ્રેષ્ઠ, વિશિષ્ટ અને મનોહર છે તેનું વર્ણન કરતાં કહે છે કે:

(૧) શ્રેષ્ઠ સુવર્ણના જેવી ઝળહળાયમાન થતી ને નિર્મળ એની કાન્તિ છે.

(૨) અતિશય નિર્મળ જળથી સંપૂર્ણ ભરેલો છે માટે મહામંગળકારી છે.

(૩) દેદીપ્યમાન થતી એની શોભા એટલી તો જોરદાર છે કે શોભાવાળી બીજી કોઈ પણ વસ્તુની સાથે એને સરખાવી શકાય તેમ નથી.

(૪) તેની ચારે બાજુ કમળો સ્થાપન કરવામાં આવેલાં છે અને તેનાથી તેની શોભા વધી રહેલી છે.

(૫) જરા પણ ઓછાં નહીં એવાં સર્વ પ્રકારનાં મંગળોને ભેગા થવા માટેના સંકેતના સ્થાનભૂત છે.¶

(૬) ઉત્તમ કમળો વડે શોભતા રત્નમય વિકસિત કમળ ઉપર સ્થાપન કરેલો છે.*

(૭) વળી આ કળશ નેત્રોના ભૂષણરૂપ છે.†

---

¶ આપણે અમુક સ્થાને ભેગા થવું એવો પહેલેથી સંકેત કરી રાખનારા માણસો સંકેતના સ્થાને જેમ અવશ્ય ભેગા થાય છે, તેમ જગતનાં સર્વ મંગળોએ ભેગાં મળીને આ કળશને જાણે કે સંકેતના સ્થાનભૂત બનાવ્યો છે. એટલેકે આ કળશમાં આપણે બધાંએ ભેગાં થવું એમ અગાઉથી નક્કી કરી રાખેલું છે. તેથી આ કળશ સંકેતના સ્થાનભૂત છે. સર્વ મંગળો એમાં આવીને મળેલાં છે. કહેવાનો ભાવ એટલો જ છે કે, આ કળશ સર્વ પ્રકારનાં મંગળોને આપનારો છે.

* ભગવાનની માતાએ સ્વપ્નમાં જોયેલો કળશ, કમળ ઉપર સ્થાપન કરેલો હોય છે.

† અહીં એમ શંકા થાય છે કે, નેત્રોના ભૂષણરૂપ આ કળશ કેમ હોઈ શકે? ભૂષણ એટલે ઘરેણું. આ જગતમાં કાનનું ભૂષણ છે, નાકનું ભૂષણ છે, પણ આંખનું ભૂષણ તો ક્યાંય જોવા મળતું નથી. તો પછી આ કળશને તમે નેત્રોના ભૂષણરૂપ કેમ કહો છો? જગતમાં જે વસ્તુ હોય તેની ઉપમા અપાય, પણ જે વસ્તુ ન જ હોય તેની ઉપમા કેમ અપાય? આ શંકાનું સમાધાન કરતાં ટીકાકાર શ્રી વિનય-વિજયજી ઉપાધ્યાય કહે છે કે: કમળોનું ભૂષણ જેમ એનો વિકાસ છે તેમ નેત્રોનું ભૂષણ આનંદ છે. નાક-કાનમાં ઘરેણાં પહેરવાથી જેમ નાક-કાન શોભી ઊઠે છે તેમ નેત્રોમાં આનંદ ઊભરાવાથી નેત્રો શોભી ઊઠે છે. નેત્રોમાં આનંદ આ કળશને જોવાથી ઊભરાય છે. એટલે હકીકતમાં આનંદ જ આંખનું ઘરેણું છે, પણ એ આનંદ આ કળશને જોવાથી ઊભરાય છે, માટે જ કળશને નેત્રોના ભૂષણરૂપ કહ્યો છે. ભૂષયતિ ઈતિ ભૂષણમ્ જે શોભાવે તેને ભૂષણ કહેવાય. આનંદ આંખોને શોભાવે છે અને પરંપરાએ કળશ આંખોને શોભાવે છે, માટે આ કળશ નેત્રોના ભૂષણરૂપ છે.


(૮) અનુપમ શોભાવાળો છે અને તેજ:પુંજથી સર્વ દિશાઓને ઝળહળાવી રહ્યો છે.

(૯) ઉત્તમ લક્ષ્મીને મેળવી આપનારો છે.


(૧૦) સર્વ પ્રકારનાં અમંગળોથી રહિત છે તેથી કલ્યાણકારી છે.

(૧૧) સર્વ ઋતુઓનાં તાજાં ને સુવાસિત ફૂલોની ગૂંથેલી માળા એના કંઠમાં સ્થાપન કરેલી છે.

આકાશતળમાંથી ઊતરતા અને પોતાના મુખની અંદર પ્રવેશ કરતા આવા સુંદર અને મહામંગળકારી કળશને ત્રિશલામાતાએ નવમા સ્વપ્નમાં જોયો.



# ૧૦. પદ્મસરોવર–સ્વપ્ન




ત્યાર પછી ત્રિશલા ક્ષત્રિયાણી દસમા સ્વપ્નમાં પદ્મસરોવરને જુએ છે. એ પદ્મસરોવર કેવું શ્રેષ્ઠ, વિશિષ્ટ અને મનોહર છે એનું વર્ણન કરતાં કહે છે કે :

(૧) પૂર્વાકાશમાં સૂર્ય ઊગી રહ્યો છે. એનાં કિરણો વડે હજાર પાંખડીવાળાં મહાપદ્મો વિકાસ પામી રહ્યાં છે. એ મહાપદ્મોની સુવાસથી આ પદ્મસરોવરનું પાણી સુવાસિત બનેલું છે.

(૨) વળી એ કમળોનો પરાગ તેના પાણીમાં ભળવાથી તેનું પાણી લાલ-પીળું બનેલું છે.

(૩) માછલાં, મગરમચ્છ વગેરે ઘણાં જળચર જીવો તેની અંદર ચારે બાજુ રહેલાં છે અને તે બધાં તેની અંદર દોડાદોડી, ક્રીડા અને કલ્લોલ કરી રહ્યાં છે.

(૪) એ પાંચસો (૫૦૦) જોજન પહોળું છે અને હજાર (૧૦૦૦) જોજન લાંબું છે.

(૫) પદ્મો, કુમુદો, રાતાં કમળો, હજાર પાંખડીવાળાં મહાપદ્મો અને સફેદ કમળો — આવાં જાતજાતનાં કમળો તેમાં ઊગેલાં છે અને એ બધાંની ઘણી મોટી શોભા તેમાં ફેલાઈ રહી છે, તેથી આ પદ્મસરોવર અત્યંત ઝળહળાયમાન થઈ રહ્યું છે અને મનને આનંદ પમાડે તેવી શોભાવાળું બનેલું છે.

(૬) વળી એની અંદર ઊગેલાં કમળોની સુવાસ દૂર-સુદૂર ફેલાયેલી છે. તે મોહક સુવાસથી આકર્ષાઈને ઘણા ભમરાઓ સામાન્ય સુગંધવાળાં સ્થાનોને છોડી, તરછોડીને આ પદ્મસરોવર તરફ દોડી આવેલા છે અને પદ્મસરોવર જેવું આહ્લાદક સ્થાન પ્રાપ્ત થવાથી ચિત્તમાં હર્ષ પામેલા છે. આનંદમાં આવી ગયેલા આ ભમરાઓ અને હર્ષઘેલી બનેલી ભમરીઓના સમૂહ આ પદ્મસરોવરનાં કમળોને ચુંબન કરી રહ્યા છે — પુષ્પરસનો આસ્વાદ માણી રહ્યા છે.

(૭) વળી કલહંસ, બગલા, ચક્રવાક, કલરવ કરતા રાજહંસો તથા સારસ — આવાં જાતજાતનાં ઘણાં પક્ષીયુગલો, પોતાને પદ્મસરોવર જેવું સુંદર સ્થાન પ્રાપ્ત થવાથી ગર્વિત બનીને તેમાં ક્રીડા અને કલ્લોલ કરી રહ્યાં છે.

(૮) તેમાં કમલિનીઓનાં પાંદડાં નીલ-રત્નની જેમ શોભે છે અને તેના ઉપર ઊડીને પડેલાં સ્વચ્છ જળ-બિંદુઓ સાચાં મોતીની જેમ શોભે છે. તેથી નીલરત્નમાં જાણે કે મોતી જડયાં ન હોય! અને કોઈ શ્રેષ્ઠ ચિતારો આવીને આ પદ્મસરોવરમાં જાણે કે સુંદર ચિત્રો દોરી ગયો ન હોય! એવો ભાસ જોનારને થાય છે.

(૯) લોકોનાં હૃદય અને નેત્રોને પ્રિય લાગે તેવું સુંદર છે અને સર્વ સરોવરોમાં પૂજનીય છે.

આકાશતળમાંથી ઊતરતા અને પોતાના મુખની અંદર પ્રવેશ કરતા આવા ઉત્તમ, પવિત્ર ને પૂજનીય પદ્મસરોવરને ત્રિશલામાતાએ દસમા સ્વપ્નમાં જોયું.



# ૧૧. ખીરસમુદ્ર-સ્વપ્ન




ત્યાર પછી ત્રિશલા ક્ષત્રિયાણી અગિયારમા સ્વપ્નમાં ખીરસમુદ્રને જુએ છે. તે ખીરસમુદ્ર કેવો શ્રેષ્ઠ, વિશિષ્ટ અને મનોહર છે તેનું વર્ણન કરતાં કહે છે કે :

(૧) તેનો મધ્યભાગ ચંદ્રનાં અત્યંત ઉજ્જ્વળ કિરણો-ની કાન્તિના પુંજની જેમ શોભી રહ્યો છે.

(૨) તેનું જળ ચારેય દિશાઓમાં વેગપૂર્વક વધી રહ્યું છે. અર્થાત્ તેમાં ચારેય બાજુથી પાણીની ભરતી થઇ રહી છે તેથી તેની ચારેય દિશામાં અગાધ જળ છે.

(૩) તેની અંદર ચપળ અને ઊંચા કલ્લોલો ઉત્પન્ન થઈ રહ્યા છે. તેનાથી તેનું પાણી વારંવાર એકઠું થતું અને જુદું પડતું દેખાય છે. એના પાણીને જોશીલા પવનની થપાટ ઉપર થપાટ લાગ્યે જાય છે. તેથી તેમાં તરંગો

ઉત્પન્ન થઈ રહ્યા છે. તે ચપળતાથી દોડવા લાગે છે તેથી સારી રીતે જોઈ શકાય છે. તેમાં ઉત્પન્ન થઇ રહેલાં મોજાં (જળભંગી) આનંદમાં આવીને જાણે નૃત્ય કરી રહ્યાં ન હોય એવી રીતે શોભે છે વળી એમાં ઊર્મિઓ પણ ઉત્પન્ન થઈ રહી છે. તે બધી જાણે ભયભીત બની ગયેલી ન હોય! તેની જેમ આમ-તેમ દોડે છે અને આકાશ તરફ ઊંચે ઊછળે છે ત્યારે સ્વચ્છપણાથી શોભી ઊઠે છે. આ સર્વ પ્રકારના કલ્લોલોના સમૂહ પાણીમાં પરસ્પર મળી રહ્યા છે. તેથી અત્યંત વેગપૂર્વક કિનારા તરફ જતો અને ત્યાંથી અથડાઈને પાછો ફરતો એવો આ ખીર-સમુદ્ર ઝળહળતી શોભાવાળો અને મનોહર લાગે છે.

(૪) મોટા મોટા મગરમચ્છ, તિમિતિમિંગલ, નિરુદ્ધ, તિલિતિલિકા વગેરે જળચર જીવો પોતાની પૂંછડીઓ પાણીમાં વારંવાર જોરથી પછાડી રહ્યા છે. તેનાથી તેની અંદર કપૂર જેવાં ઉજ્જ્વળ ફીણ ઉત્પન્ન થઈને ચારે તરફ પ્રસરી રહ્યાં છે.

(૫) ગંગા વગેરે મોટી મોટી નદીઓનાં વેગપૂર્વક ધસી આવતાં પાણી તેમાં પડી રહ્યાં છે તેથી તેમાં ઠેક-ઠેકાણે ઘૂમરીઓ ઉત્પન્ન થયેલી છે. ખીરસમુદ્રનું જળ એ ઘૂમરીઓમાં સપડાઈ ગયું છે અને ગોળાકારે ફરવા લાગેલું છે. તેમાંથી કોઈ પણ રીતે બહાર નીકળી શકતું નથી. તેથી ઊંચે ઊછળી ઊછળીને પાછું એ ઘૂમરીઓમાં જ પડયા કરે છે અને તેમાં ને તેમાં જ ભમ્યા કરે છે. આમ ખીરસમુદ્રનું પાણી સ્વાભાવિક રીતે જ ચપળ બની રહેલું છે.

આકાશતળમાંથી ઊતરતા અને પોતાના મુખની અંદર પ્રવેશ કરતા આવા સુંદર ખીરસમુદ્રને ત્રિશલા-માતાએ અગિયારમા સ્વપ્નમાં જોયો.*

---

*ભગવાનની માતાએ સ્વપ્નમાં ખીરસમુદ્ર જોયો છે, પરંતુ સમુદ્રનો આકાર બનાવવાનું મુશ્કેલ લાગવાથી તેના પ્રતીકરૂપે આકારરૂપ સ્વપ્નમાં વહાણ બનાવાય છે. પણ તેથી તે જોનારને, 'પ્રભુની માતાએ સ્વપ્નમાં વહાણ જોયું હશે' એવો ભ્રમ થવાનો સંભવ રહે છે. જો વહાણની નીચે ખીરસમુદ્રના દેખાવરૂપે જરા ઊંડી અને લંબચોરસ એવી એક ડીશ મૂકી દેવામાં આવે અને તેની દીવાલ ઉપર 'ખીરસમુદ્ર' લખેલું હોય તો કોઈને 'વહાણ જોયું હશે' એવો ભ્રમ થવાનો સંભવ રહે નહીં.



# ૧૨. દેવવિમાન–સ્વપ્ન

ત્યાર પછી ત્રિશલા ક્ષત્રિયાણી બારમા સ્વપ્નમાં દેવવિમાનને જુએ છે. તે દેવવિમાન કેવું શ્રેષ્ઠ, વિશિષ્ટ અને મનોહર છે તેનું વર્ણન કરતાં કહે છે કે :

(૧) ઊગતા સૂર્ય જેવી અત્યંત ઝળહળતી તેની કાન્તિ છે, તેથી દેદીપ્યમાન શોભાવાળુ છે.

(૨) તેની અંદર ઉત્તમ સુવર્ણના બનાવેલા અને રત્નજડિત એવા એક હજાર ને આઠ થાંભલા છે. તેનાથી તે શોભી રહેલું છે ને આકાશને પણ દીપાવી રહેલું છે.


(૩) તેની અંદર સોનાનાં પાંદડાં ઉપર સાચાં મોતી લટકાવેલાં છે, તેનાથી તેની કાન્તિ ઝગમગી રહેલી છે.

(૪) તેની અંદર દિવ્ય અને દેદીપ્યમાન એવી ફૂલમાળાઓ પણ લટકાવેલી છે.

(૫) વરુ, વૃષભ, ઘોડા, મનુષ્ય, મગરમચ્છ, પક્ષી, સર્પ, કિન્નરજાતિના દેવો, હરણ, અષ્ટાપદ પ્રાણી, ચમરી ગાય, સંસક્ત નામનું જંગલી પશુ, હાથી, વનલતા અને પદ્મલતા આ બધાંનાં સુંદર ચિત્રો તેમાં દોરેલાં છે. તેથી તેની શોભા જોનારને અચરજ પમાડે તેવી છે.

(૬) એની અંદર ગંધર્વ દેવોનાં ગીતગાન ચાલી રહ્યાં છે તેમજ જાતજાતનાં દિવ્ય વાજિંત્રો પણ વાગી રહ્યાં

## ⑫ દેવવિમાન



છે. તેના નાદ વડે આ વિમાન સંપૂર્ણ ઘોષવાળું બનેલું છે.[1]

(૭) તેની અંદર સતત દેવદુંદુભિ વાગી રહી છે. જળભરેલાં, ગાઢ અને વિશાળ વાદળાંની ગર્જના જેવો ગંભીર અને મોટો તેનો નાદ છે અને તે આખાય જીવલોકમાં સંભળાઈ રહ્યો છે.

(૮) કૃષ્ણાગુરુ, કુંદુરુષ્ક, તુરુષ્ક અને બીજા પણ દશાંગ આદિ ધૂપો તેની અંદર બાળવામાં આવી રહ્યા છે. વળી બીજાં અનેક જાતનાં સુગંધી દ્રવ્યો પણ તેમાં રહેલાં છે, તેમાંથી મઘમઘતી સુવાસ ઊઠેલી છે અને તે તેની અંદર-બહાર સર્વત્ર ફેલાઈ રહેલી છે. તેથી આ વિમાન અત્યંત મનમોહક બનેલું છે.

(૯) પ્રકાશથી સદાય ઝળહળી રહેલું છે.

(૧૦) એનો રંગ સફેદ છે તેથી સફેદ કાન્તિવાળું છે.


(૧૧) ઉત્તમ જાતિના દેવોના નિવાસથી સદાય શોભી રહેલું છે. વળી તે દેવો સદાય શાતાવેદનીય સુખને ભોગવનારા છે તેથી મહામંગળને સૂચવનારું છે.

(૧૨) શ્રેષ્ઠ વિમાનોમાં શ્વેત કમળની જેમ શોભી રહ્યું છે.

આકાશતળમાંથી ઊતરતા અને પોતાના મુખની અંદર પ્રવેશ કરતા આવા સુંદર ને સુખ-ભરપૂર દેવ-વિમાનને ત્રિશલામાતાએ બારમા સ્વપ્નમાં જોયું.

---

૧. વિમાનની અંદર સુંદર નાચગાન ચાલી રહ્યાં છે અને આનંદ આનંદ વર્તી રહ્યો છે, તેમજ તે શાતાવેદનીય સુખને ભોગવનારા દેવોથી ભરેલું છે માટે મહામંગળને સૂચવનારું છે.




## ૧૩. રત્નરાશિ–સ્વપ્ન


ત્યાર પછી ત્રિશલા ક્ષત્રિયાણી તેરમા સ્વપ્નમાં રત્નરાશિને જુએ છે. તે રત્નરાશિ કેવડો છે, તેની અંદર કઈ કઈ જાતનાં રત્નો રહેલાં છે અને તે કેવો શ્રેષ્ઠ, વિશિષ્ટ અને મનોહર છે તેનું વર્ણન કરતાં કહે છે કે :

(૧) પુલકરત્ન, વજ્રરત્ન, નીલરત્ન, સસ્યકરત્ન, કર્કેતનરત્ન, લોહિતાક્ષરત્ન, મરકતમણિ, મસારગલ્લરત્ન, પ્રવાલરત્ન, સ્ફટિકરત્ન, સૌગંધિકરત્ન, હંસગર્ભરત્ન, અંજનરત્ન, ચન્દ્રકાન્તમણિ વગેરે જાતજાતનાં રત્નોના સમૂહ તેની અંદર રહેલા છે.

(૨) એ છે તો ભૂમિ ઉપર સ્થાપન કરેલો, તો પણ પોતાની ઝળહળતી કાન્તિથી ઊંચે રહેલા આકાશનેય દીપાવી રહેલો છે.

(૩) વળી એ નાનોસૂનો નથી પણ મેરુ પર્વત જેવડો મોટો છે, એક લાખ જોજન ઊંચો છે.

આકાશતળમાંથી ઊતરતા અને પોતાના મુખની અંદર પ્રવેશ કરતા તેજસ્વી અને મૂલ્યવાન રત્નોના ઢગલાને ત્રિશલામાતાએ તેરમા સ્વપ્નમાં જોયો.




## ૧૪. નિર્ધૂમઅગ્નિ-સ્વપ્ન

ત્યાર પછી ત્રિશલા ક્ષત્રિયાણી ચૌદમા અને છેલ્લા સ્વપ્નમાં નિર્ધૂમ અગ્નિને જુએ છે. તે અગ્નિ કેવો શ્રેષ્ઠ, વિશિષ્ટ અને મનોહર છે તેનું વર્ણન કરતાં કહે છે કે :


(૧) ઘણા મોટા પ્રમાણમાં ઉજ્જ્વળ ઘી અને પીળું મધ ચારે બાજુથી તેની અંદર છાંટવામાં આવી રહ્યું છે, તેથી તેની જ્વાળાઓ ધુમાડારહિત છે. તે ઊંચે બળી રહી છે અને તેમાંથી ધગ ધગ એવો અવાજ નીકળી રહ્યો છે, તેથી આ અગ્નિ ઘણો પ્રકાશમાન અને મનોહર લાગે છે.

(૨) એક જ્વાળા ઊંચી છે તો બીજી એના કરતાં પણ ઊંચી છે અને ત્રીજી વળી એના કરતાંય ઊંચી છે. વળી એક જ્વાળા બીજી જ્વાળામાં અને બીજી જ્વાળા ત્રીજી જ્વાળામાં પ્રવેશેલી છે. આમ અનુક્રમે ઊંચી ઊંચી અને એકમેકની અંદર પ્રવેશેલી એવી તેની જ્વાળાઓ છે.

(૩) વળી તે જ્વાળાઓ આકાશ સુધી ઊંચે સળગી રહેલી છે. તેથી આ અગ્નિ આકાશના કોઈ એક ભાગને જાણે કે પકાવી રહ્યો ન હોય ! તેવો ભાસ જોનારને થાય છે.

(૪) વળી તેની જ્વાળાઓ અતિશય વેગીલી છે, તેથી તે અત્યંત ચંચળ બનેલો છે.

આકાશતળમાંથી ઊતરતા અને પોતાના મુખની અંદર પ્રવેશ કરતા આવા મહામંગળકારી નિર્ધૂમ અગ્નિને ત્રિશલામાતાએ ચૌદમા અને છેલ્લા સ્વપ્નમાં જોયો.



# શ્રી મહાવીર પ્રભુ જન્મ વાચન

[ ગુજરાતી અનુવાદ ]

तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे, जे से गिम्हाणं पढमे मासे दुच्चे पक्खे चित्तसुद्धे, तस्स णं चित्तसुद्धस्स तेरसीदिवसेणं, नवण्हं मासाणं बहुपडिपुन्नाणं अद्धट्ठमाणं राइंदिआणं विइक्कताणं, उच्चट्ठाणगएसु गहेसु, पढमे चंदजोगे, सोमासु दिसासु वितिमिरासु विसुद्धासु, जइएसु सव्वसउणेसु, पयाहिणाणुकूलंसि भूमिसप्पंसि मारुयंसि पवायंसि, निप्फण्णमेइणीयंसि कालंसि, पमुइअपक्कीलिएसु जणवएसु, पुव्वरत्तावरत्तकालसमयंसि, हत्थुत्तराहिं नक्खत्तेणं चंदेणं जोगमुवागएणं, आरोग्गारोग्गं दारयं पयाया ॥ ९६ ॥

તે કાળે અને તે સમયે ચૈત્ર સુદ ૧૩ ના દિવસે શ્રમણ ભગવાન મહાવીરને, ગર્ભમાં રહ્યાને નવ માસ અને સાડા સાત રાત્રિ-દિવસ સારી રીતે પૂર્ણ થયાં.

દરેક તીર્થંકરનો ગર્ભકાળ જુદો જુદો હોય છે તેથી અહીં પ્રસંગ પામીને વર્તમાન ચોવીસીના સર્વ તીર્થંકરોનો ગર્ભકાળ કહે છે :–

## ગર્ભકાળ યંત્ર

| જિન | ૧ ઋષભ | ૨ અજિત | ૩ સંભવ | ૪ અભિનંદન | ૫ સુમતિ | ૬ પદ્મપ્રભ | ૭ સુપાર્શ્વ | ૮ ચન્દ્રપ્રભ | ૯ સુવિધિ | ૧૦ શીતલ | ૧૧ શ્રેયાંસ | ૧૨ વાસુપૂજ્ય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| માસ | ૯ | ૮ | ૯ | ૮ | ૯ | ૯ | ૯ | ૯ | ૮ | ૯ | ૯ | ૮ |
| દિન | ૪ | ૨૫ | ૬ | ૨૮ | ૬ | ૬ | ૧૯ | ૭ | ૨૬ | ૬ | ૬ | ૨૦ |
| જિન | ૧૩ વિમલ | ૧૪ અનંત | ૧૫ ધર્મ | ૧૬ શાન્તિ | ૧૭ કુંથુ | ૧૮ અર | ૧૯ મલ્લિ | ૨૦ મુનિસુવ્રત | ૨૧ નમિ | ૨૨ નેમિ | ૨૩ પાર્શ્વ | ૨૪ વીર |
| માસ | ૮ | ૯ | ૮ | ૯ | ૯ | ૯ | ૯ | ૯ | ૯ | ૯ | ૯ | ૯ |
| દિન | ૨૧ | ૬ | ૨૬ | ૬ | ૫ | ૮ | ૭ | ૮ | ૮ | ૮ | ૬ | ૭ |

સર્વ ગ્રહો પોતપોતાના ઉચ્ચસ્થાનમાં રહ્યા હોય ત્યારે જ તીર્થંકરદેવોનો જન્મ થાય છે. તેથી અહીં પ્રસંગ પામીને ગ્રહોનાં ઉચ્ચસ્થાન અને તેનું ફળ જણાવે છે.

મેષ, વૃષભ આદિ રાશિઓમાં રહેલા સૂર્ય, ચંદ્ર વગેરે ગ્રહો ઉચ્ચના ગણાય છે અને તેમાં પણ તેઓ ૧૦, ૩ આદિ અંશોમાં રહેલા હોય ત્યારે પરમ ઉચ્ચના ગણાય છે અને તેનું ફળ આ પ્રમાણે છે:–

(૧) જે પુરુષના જન્મ સમયે એક ગ્રહ ઉચ્ચનો હોય તે પુરુષ સર્વ પ્રકારે સુખી થાય છે.
(૨) બે ગ્રહ ઉચ્ચના હોય તે ધનધાન્ય આદિનો ભોગી થાય છે.
(૩) ત્રણ ગ્રહ ઉચ્ચના હોય તે ધનવાન થાય છે.
(૪) ચાર ગ્રહ ઉચ્ચના હોય તે નેતા થાય છે.
(૫) પાંચ ગ્રહ ઉચ્ચના હોય તે મંડલનો+ અધિપતિ એવો રાજા થાય છે.
(૬) છ ગ્રહ ઉચ્ચના હોય તે સમ્રાટ થાય છે.
(૭) સાત ગ્રહ ઉચ્ચના હોય તે ચક્રવર્તી થાય છે. અથવા —
(૧) જે પુરુષના જન્મ સમયે ત્રણ ગ્રહ ઉચ્ચના હોય તે રાજા થાય છે. (૨) પાંચ ગ્રહ ઉચ્ચના હોય તે અર્ધચક્રવર્તી અર્થાત્ વાસુદેવ થાય છે. (૩) છ ગ્રહ ઉચ્ચના હોય તે ચક્રવર્તી થાય છે. (૪) સાત ગ્રહ ઉચ્ચના હોય તે ધર્મચક્રવર્તી અર્થાત્ તીર્થંકર થાય છે.

આમ સાતેય ગ્રહો ઉચ્ચના હોય ત્યારે જ તીર્થંકરદેવોનો જન્મ થાય છે.

વળી પૃથ્વી ધનધાન્યથી ભરપૂર હોય, લોકોને સર્વ પ્રકારની અનુકૂળતા હોય અને સર્વત્ર આનંદમંગળ વર્તી રહ્યાં હોય ત્યારે જ તીર્થંકરદેવોનો જન્મ થાય છે. તેથી તે સમયની અનુકૂળતા અને આનંદમંગળ જણાવે છે.

+ મંડલ એટલે અમુક યોજન પ્રમાણ પૃથ્વી અથવા ૧૨ રાજાઓનો સમુદાય.

તે વખતે સર્વ દિશાઓ સૌમ્ય બની હતી એટલે ધૂળ અને એવી બીજી વસ્તુઓની વૃષ્ટિ વગેરેથી રહિત બની હતી તેમ જ અત્યંત નિર્મળ અને પ્રસન્ન બની હતી. વળી પ્રભુના જન્મ સમયે ઉદ્યોત થતો હોવાથી પ્રકાશવાળી બની હતી તેમજ દિગ્દાહ વગેરેના અભાવથી વિશુદ્ધ બની હતી.

વળી કાગડો, ઘુવડ, દુર્ગા વગેરે પક્ષીઓ 'જય જય' એવો મંગળકારી શબ્દ બોલી રહ્યાં હતાં.

વળી દક્ષિણાવર્ત, અનુકૂળ, સુગંધી, શીતળપણાને કારણે સુખકારી અને ભૂમિને સ્પર્શીને જનારો મંદ મંદ વાયુ વાઈ રહ્યો હતો.

અને નવાં ઊગેલાં સર્વ પ્રકારનાં ધાન્યોથી પૃથ્વી ભરપૂર બની હતી. સુકાળ વર્તી રહ્યો હતો. રોગાદિ સર્વ પ્રકારના ઉપદ્રવોનો અભાવ હતો.

આમ સર્વ પ્રકારની અનુકૂળતા થવાથી દેશવાસી લોકો અત્યંત હર્ષ પામીને વસન્તોત્સવ આદિ જાતજાતની ઉદ્યાનક્રીડા કરી રહ્યા હતા.

આવાં આનંદમંગળના સમયે, મધ્યરાત્રિએ ઉત્તરાફાલ્ગુની નક્ષત્રમાં ચંદ્રનો યોગ પ્રાપ્ત થયો ત્યારે, તંદુરસ્ત શરીરવાળાં અને કોઈ પણ જાતની પીડા વગરનાં ત્રિશલામાતાએ, તંદુરસ્ત શરીરવાળા, કોઈ પણ જાતની પીડા વગરના, અત્યંત સુકોમળ અને સર્વાંગસુંદર એવા પુત્રને અર્થાત્ વીર પ્રભુને સુખપૂર્વક જન્મ આપ્યો.

॰—卐—॰

# ચૌદ સ્વપ્નોનું વર્ણન (સચિત્ર)

## તથા

# પ્રભુ મહાવીર જન્મ વાચન

( ગુજરાતી અનુવાદ )

અનુવાદક-સંપાદક: પૂ. મુનિશ્રી હિતવિજયજી

ટાઈટલ : પલક પ્લાસ્ટીક હાજાપટેલની પોળ અમદાવાદ